શ્રી ગણેશાય નમ:

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:

આ નો ભદ્રા: ક્રત્વો યન્તુ વિશ્વત:

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

જુલાઈ ૨૦૧૯



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | સુહાનીદીક્ષિત | ૧ |
| ૨) | જીવનપથ(નિયમિતકટાર) | ડૉ.ભદ્રાયુવછરાજાની | ૨ |
| ૩) | સથવારાનેપિછાણીએ | જયદેવમાંકડ | ૩ |
| ૪) | પરમનેસથવારે | ડૉ.હાર્દિકનિકુંજયાજ્ઞિક | ૫ |
| ૫) | લક્ષ્મીનોસાક્ષાત્કાર | નરેશઅંતાણી | ૬ |
| ૬) | એકઅનુભૂતિ | દીનેશબૂચ | ૭ |
| ૭) | સરનામું-એકસત્યકથા | લીનાવછરાજાની | ૧૨ |
| ૮) | આર્ષદ્દષ્ટિ | પ્રગતિમહેતા | ૧૪ |
| ૯) | મધ્યપ્રદેશનાંજંગલોમાં | ભારવીવૈદ્ય | ૧૭ |
| ૧૦) | સરનામું | દીનેશમાંકડ | ૧૯ |
| ૧૧) | પ્રકાશનીએકબારી | વિશાખાપોટા | ૨૧ |
| ૧૨) | સ્વનોસાક્ષાત્કાર | કૌસુમીનાણાવટી | ૨૩ |
| ૧૩) | પરમનેસથવારે | ડૉ.જયદીપઅંતાણી | ૨૫ |
| ૧૪) | અજ્ઞાતતારણહાર | ડૉ.દક્ષાઅંતાણી | ૨૭ |
| ૧૫) | આવોમારીસાથે | સુનીલઅંજારીઆ | ૨૮ |
| ૧૬) | પરમશક્તિ | દીનાવછરાજાની | ૩૧ |
| ૧૭) | ક્ષણનોસાક્ષાત્કાર | પદ્મજાવસાવડા | ૩૪ |
| ૧૮) | દોરીસંચાર | કશ્યપવછરાજાની | ૩૬ |
| ૧૯) | ઇશ્વરીયસંકેત | ઉમેશઅંતાણી | ૩૮ |


## ટીમનાગરમંજૂષા

દીનાવછરાજાની,નેહાયાજ્ઞિક,ભદ્રાયુવૈષ્ણવતથાસુહાનીદીક્ષિત

## વિશેષઆમંત્રિત

ડૉ.ભદ્રાયુવછરાજાની

# તંત્રી સ્થાનેથી

ઈશ્વર, પ્રભુ, હરિ, અલ્લાહ, જીસસ... આ બધા જ એક પરમતત્ત્વને આપણે આપેલાં નામ છે. સૃષ્ટિના સર્જનહારના અસ્તિત્વ વિશે અનેક મતમતાંતર છે. લોકો પથ્થરને દેવ તરીકે પૂજે છે, જ્યારે ઈશ્વરમાં ન માનનારા માટે તે એક પથ્થરનો ટુકડો જ છે. પૃથ્વી પરના દરેક - સ-જીવ એ પરમાત્માનો અંશ છે. એ નિરાકાર આ સૃષ્ટિમાં વિવિધ રંગ-રૂપ અને આકાર લઈ સમાયેલો છે. મનુષ્ય દેહમાં પણ એ આત્મા સ્વરૂપે સમાયેલો છે એવું શાસ્ત્રોમાં કહેવાયું છે. આ પરમતત્ત્વ લિંગ, જાતિ, રંગ-રૂપ, ધર્મ વગેરે બધાયથી પર છે જેનીહયાતીનાપુરાવાનીઆવશ્યક્તાતોનથી જ... જરૂર છે ફક્ત એની અનુભૂતિ કરવાની અને એને સ્વીકારવાની. મનુષ્યજીવનમાં કેટલીક અંધકારમય ક્ષણો આવે છે ત્યારે આ પરમતત્ત્વ જ એને દિશાસૂચન કરી એનો રાહબર બને છે. મહાભારતના યુદ્ધ વખતે મૂંઝાયેલા અર્જુનને શ્રીકૃષ્ણે જ જ્ઞાન પ્રદાન કર્યું હતું ને! ખેર, આપણા જેવા સામાન્ય મનુષ્યો માટે તો ડગલે ને પગલે અનેક વિટંબણા આવતી જ રહે છે. કેટલીક વાર તો સમસ્યા એટલી વિકટ હોય છે કે કશું જ સૂઝતું નથી.સર્વત્રશૂન્યાવકાશ ભાસેછે.ત્યારે આપોઆપ આપણે પ્રાર્થના-પ્રભુને શરણે વળતાં હોઈએ છીએ અને વહેલાં-મોડાં આપણે એ સમસ્યામાંથી હળવા થઈ જ જઈએ. આવા સમયે ભલભલો નાસ્તિક પણ પરમના અસ્તિત્વને નકારી શકે નહીં. એકેએક સ-જીવમાં આ પરમતત્ત્વનો અંશ છે. એ અત્ર-તત્ર-સર્વત્ર છવાયેલ છે - જરૂર છે ફક્ત એની અનુભૂતિની અને એને સ્વીકારવાની. એના હોવાની સાબિતી વખતોવખત મળતી જ રહે છે. આપણાં શાસ્ત્રોમાં નરસિંહ, મીરાં, કબીર, સૂરદાસ અને અન્ય ભક્તોએ આ જ પરમાત્માની હાજરી પુરવાર કરવામાં જીવન સમર્પિત કરીદીધું.ભીલ કન્યાશબરીએએનું સંપૂર્ણજીવન- 'રામ એક દિવસ મારી ઝૂંપડીએ આવશે જ' - એ શ્રદ્ધા સાથે વ્યતીત કર્યું અને ભગવાને આવવું જ પડ્યું. ભગવાન એનાં ભક્તની પરીક્ષા તો લે જ છે, પણ એમાંથીપાર ઊતરવાનીશક્તિ પણઆપે જછે. આ મુશ્કેલ સમયમાં કોણ, ક્યારે અને કેવી રીતે ઉગારે છે એ સમજણ બહારનો વિષય છે, પણ સહેજ ઊંડાણપૂર્વક વિચારીએ તો એ આપણો હરિ, ઈશ્વર, પરમાત્મા, જીસસ કે જે કંઈ નામ આપો તે... એ જ હોય છે. ફક્ત તે કોઈક અલગ સ્વરૂપે જ તમારી સાથે છે. એ તમારી સાથે છે એટલું પૂરતું નથી?

**સુહાનીદીક્ષિત**

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.

૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.

૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**

સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.

ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**

બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.

ફોન : ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org

DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# વાંચનઅપાર-જીવનનોબેડોપાર..

બન્યું એવું કે, સ્વામી વિવેકાનંદના જીવનના બાળપણના પ્રસંગોએ મને જબરો જકડી લીધો અને તેમને ઈશ્વર દેખાડવા તૈયાર થનાર તેના ગુરુ શ્રી રામકૃષ્ણદેવ વિશે જાણવાની ઉત્કંઠા જાગી. પહેલાં જ વાંચનથી એટલી પ્રતીતિ થવા લાગેલી કે શેરીમાં આખી સાંજ આથડવા કરતાં આવું વાંચવામાં વધુ મજા આવે છે. ધીમેધીમે સ્પર્ધા ન હોય તોપણ શ્રી રામકૃષ્ણ આશ્રમ જવા લાગ્યો અને ત્યાં બે જ કુતૂહલના વિષયો રહ્યાઃ પલાંઠી મારીને બંધ આંખે ધ્યાનસ્થ બેઠેલી શ્રી ઠાકુરની પ્રતિમા અને આશ્રમની વિશાળ લાઈબ્રેરીમાં બેસી એકાગ્રતાથી વાંચન કરતા કેટલાય લોકો. પહેલાં ઠાકુરનાં અને પછી પુસ્તકનાં દર્શન મારો ક્રમ બની ગયો. સાત ધોરણ સુધીમાં તો આશ્રમનાં પુસ્તકોમાંથીજીવનચરિત્રોવાંચીગયો.રામઅને કૃષ્ણના રોચક જીવન પ્રસંગો વાંચી ગયો. આજે વિચારું છું ત્યારે લાગે છે કે વાંચનપ્રીતિ ધીમેધીમે અનેક ક્ષેત્રો તરફ દોરતી ગઈ. શ્રીરામ અને શ્રીકૃષ્ણની જીવની પુસ્તકોમાં વાંચ્યાથી મારી જિજ્ઞાસા વધી. એ સમયમાં રાજકોટના શાસ્ત્રી મેદાનમાં પૂજ્ય શ્રી ડોંગરે મહારાજની ભાગવતકથા વારંવાર યોજાતી. હું જેને મારી મા ગણું છું તે મારી નાનીમાની આંગળી પકડી આ કથામાં એક વાર ગયો ને બાળ કાનુડાની વાતો ભાવસભર કંઠમાં શ્રી ડોંગરેજી પાસેથી સાંભળી. પેલી પુસ્તક સ્મૃતિ તાજી થઈ અને કથા ગમવા લાગી. તે આજે પણ કથા સ્વરૂપ મને બહુ ભાવમય બનાવે છે. આડવાત કરું, કૉલેજમાં ગયો ત્યાં સુધીમાં મેં શ્રી ડોંગરેજી મહારાજની ભાગવત કથા ત્રણ વાર પૂરેપૂરી સાંભળી, બે વખત તો મારી ડાયરીઓમાં ભરપૂર લખતો ગયો ને સાંભળતો ગયો!

જેમપુસ્તકપરથીકથાનોરસજાગ્યોતેમ જ કથાએ પુસ્તકપ્રેમમાં વધારો કર્યો. કથાસ્થળે ધાર્મિક ગ્રંથોના સ્ટૉલ્સ હોય જ, તેમાં લટાર મારતો. ઘણાં પુસ્તકો ખરીદી લેવાની ઈચ્છા થતી, પણ ખિસ્સાં તરત મનાઈ ફરમાવતાં. મેં પહેલું પુસ્તકખરીદ્યુંહોયતેવુંબન્યુંછેકકૉલેજમાંઆવ્યો ત્યારે. યાદ છે બરાબર કે શ્રી હરીન્દ્ર દવેનું પુસ્તક 'માધવ ક્યાંય નથી' મેં સૌ પ્રથમ ખરીદેલું પુસ્તક. પણ તે હમણાં સુધી સાચવી રાખેલું ; એ વાંચ્યા પછી સમજાયેલુંકે, ડોંગરેમહારાજ કાનુડાનીવાતો કરતાં કરતાં કેમ રડી પડતા હતા!? હું વાંચવામાં ધીમો, જે ફકરોસ્પર્શેતેફરીફરીવાંચુંતેથીમારીગાડીધીમી ચાલે. વળી મને વાંચતાં વાંચતાં જે ગમે ત્યાં પેન્સિલથી નિશાની કરવાની ટેવ. કોઈકનું પુસ્તક વાંચવા લીધું હોય તો વાંચું ખરો, પણ મને અધૂરપ લાગે, કારણ કોઈકના પુસ્તકમાં ઈચ્છા થાય ત્યાં લીટી ન તણાય ને...! બસ, આથી એમ થતુંઃ મને જે ગમે તે પુસ્તક હું ખરીદી લઉં કે જેથી તેને માત્ર વાંચી નહીં, માણી પણ શકાય.. (જો કે ખરીદીને પોતીકું બનાવવાના અભરખા ઘણાં વર્ષો સુધી પૂરા ન થયા, એ જુદી વાત છે)

એક વાત કહું, મારે કોઈને પૂછવું નથી પડ્યું કે ક્યું પુસ્તક હવે વાંચવું? કારણ વાંચતો ગયો ને નવું વાંચવાનું જડતું ગયું. આઠમા ધોરણમાં હતો ત્યારે આચાર્ય રજનીશને સાવ નજીક બેસી સાંભળેલા. કોણ જાણે કેમ, મને મારી તેર વર્ષની ઉંમરે ત્યારે એવું લાગેલું કે આચાર્ય રજનીશ એક મહાન ચિંતક તરીકે પગદંડો જમાવશે. ઓશોનાં અનેક પુસ્તકો વાંચવાનું કૉલેજકાળમાં બન્યું અને તેમાં લગભગ લગભગ ડૂબી જવાયું. (આજે પણ નીકળી શક્યો નથી. તેમ સ્વીકારતાં જીવ ઠરે છે.) કૉલેજમાં નાટકોમાં ખૂબ ભાગ લેતો, વક્તૃત્વ સ્પર્ધામાં યુનિવર્સિટી ટૉપ કરતો એટલે અનેક વિષયો વિષે વાંચવું પડે.. મહાત્મા ગાંધી-સરદાર-સ્વાતંત્ર્યસંગ્રામ વગેરે અનેક વિશે પૂરેપૂરું વાંચી ગયો કૉલેજકાળમાં જ. એમાં થોડો રોમાન્ટિક વળાંક પણ આવ્યો. કૉલેજમાં નાટકમાં સાથે કામ કરતી ગર્લફ્રેન્ડે વીનેશ અંતાણીની 'પ્રિયજન' ભેટમાં આપી.. એક બેઠકે વાંચી ગયો, પેલી ગર્લફ્રેન્ડ પ્રિયજન ન થઈ, પણ વીનેશ અંતાણીનું વ્યસન થઈ ગયું એ જમા પાસું..

**ડૉ.ભદ્રાયુવછરાજાની**

# સથવારાનેપિછાણીએ

'નાગર મંજૂષા' ના આગામી વિશેષાંક માટે કંઈક લખી મોકલવાનું નિમંત્રણ મનને અનેક વિચારો કરવા તરફ દોરી ગયું. વિષય પસંદગી ખૂબ સુંદર છે અને એ સંદર્ભમાં પ્રશ્નો પણ એટલા ઊભા થાય છે. પૂર્વભૂમિકા રૂપે તંત્રીશ્રીએ પોતાના અનુભવો રજૂ કરવા અંગે વાત કરી છે. કડવા-મીઠાઅનુભવો સૌનેથતા હોયછે એથીએ વાત કદાચ ફક્ત પુનરાવર્તન બની રહે તેવું બને. આપણે સૌ દરરોજ એમાંથી પસાર થઈએ છીએ અને જાણીએ પણ છીએ કે જીવનમાં પ્રશ્નો, સમસ્યાઓ, ઘટનાઓ, પરિસ્થિતિઓ ઊભાં થયાં કરતાં હોય છે, આપણી શ્રદ્ધા ડગી પણ જતી હોય છે. ફરી 'પરમનોસથવારો' યાદઆવે અનેહાલક-ડોલક થતી જીવન નૈયા કિનારા તરફ ઢસડાય.

'પરમને સથવારે...' આગામી અંકનું આવું શીર્ષક, આવો કેન્દ્રવર્તી ખયાલ રસપ્રદ વિચારણા કરવા તરફ પ્રેરે છે. આમ જુઓ તો મનુષ્ય અને તેમાં પણ નાગરો પોતાની વિશિષ્ઠ બૌદ્ધિક સમજણ માટે ખ્યાતિપ્રાપ્ત છે અને એમાં કશું ખોટું પણ નથી. એવું છે, તો છે. અન્ય યોનિઓની સરખામણીમાં મનુષ્ય અનેક રીતે ચઢિયાતો છે. હકીકતમાં તો જન્મથી જ આપણને કોઈનો સથવારો સાંપડ્યો છે, પરંતુ એનો જ્યારે ઘમંડ પેદા થાય, એ ઈશ્વરદત્ત શક્તિનો અને વ્યવસ્થાનો જ્યારે અહંકાર આવે ત્યારે એ 'સથવારો' વિસ્મૃત થઈ જાય છે. બાકી સમસ્યાઓ અને અત્યંત નાજુક સ્થિતિ તો કોના જીવનમાં નથી આવતી? આપણે તદ્દન દિશાશૂન્ય બની જઈએ તેવી સ્થિતિ પણ અનેક વાર આવે છે, પણ મનુષ્યની બુદ્ધિ અને તેનો અહંકાર તેને કોઈને નમવા નથી દેતા. આપણું મન,આપણી બુદ્ધિ કોઈ અલૌકિક સત્તાનો સ્વીકાર કરવામાં જાણે આપણે નાના બની જઈએ છીએ તેવું અનુભવે છે. આપણું હુંપણું મોટો રોગ છે, એક મહત્ત્વનું કારણ છે.

રણમાં આંધી ન આવે તો જ નવાઈ અને નદીમાં પૂર ન આવે તો જ નવાઈ. એમ જીવનનો અર્થ છે મુશ્કેલીઓ, પણ જીવનમાં સમસ્યા આવે એટલે આપણે કાં તો લડી લઈએ છીએ અથવા તો તેની સાથે સમાધાન કરી લઈએ છીએ. પ્રશ્નો ઊભા થાય એટલે શાહમૃગનીમાફક રેતીમાંમાથું ખોસીદઈએ, કાંતો ભાગી જઈએ અથવા તેના બચાવરૂપે અને જવાબરૂપે આપણીપાસે કોઈને કોઈપ્રકારનું તત્ત્વજ્ઞાનહાજર હોય. ક્યારેક પરિસ્થિતિને ગાળો આપીએ તો ક્યારેક બીજાને દોષી માનીએ. કર્મની થિયરી તો સદાય હાજર જ હોય. આવું બધું હશે તેની ના નથી. આપણા વારસામાં આપણને આ મળ્યું છે એથી તેવા ખુલાસાઓનું એક સ્થાન પણ છે. આવું હોવું જોઈએ, તેનો ઇનકાર નથી, પરંતુ જેમ પૃથ્વી પોતાની ગતિમાં ફરે છે અને એની સાથે આપણે પણ ફરીએ છીએ. હવાઈ જહાજમાં બેસીએ છીએ તો તેની જે ગતિ છે એ આપણી પણ છે. કોઈ શિશુને તેની મા ઉછેરે છે પણ શિશુને તેનું ભાન નથી. એવી રીતે એવું અનુભવાય છે કે મારી સમજણ, મારી બુદ્ધિ, મારું જીવનદર્શન, મારી

માનસિક સજ્જતા, મારું મનનું બળ, મારું તત્ત્વજ્ઞાન આવીઅનેકબાબતો આપણનેકોઈપરમતત્ત્વના વિશિષ્ઠઅનુભવમાંથીબાકાતરાખેછે.માનવીય બુદ્ધિ, ચેતના, વિચારશક્તિ, સમજણશક્તિ કે સહનશીલતા, આ બધું જ અંતે તો કોઈની ભેટ છે, બક્ષિશ છે તે સમજવા માટે જીવનમાં કોઈની આચરણયુક્ત વૈચારિક કૃપાનો પ્રસાદ જોઈએ.

'રામચરિતમાનસ'માં મારો કોઈ પ્રવેશ નથી, તેનો કોઈ અભ્યાસ પણ નથી અને અધિકાર તો છે જ નહીં, પણ પાઠ કરતાં કરતાં તેની ચોપાઈઓનું સ્મરણ થાય એટલે એમાંની એક ચોપાઈની અર્ધાલીને પ્રસાદરૂપે પ્રસ્તુત કરું જેમાં ભગવાન રામ સ્વમુખે કહે છે કે–

**बड़े भाग मानुष तनु पावा।**

**सुर दुर्लभ सद ग्रंथन्हि गावा।।**

ભગવાન કહે છે કે આપણને ખૂબ મોટા ભાગ્યથી મનુષ્ય દેહ મળ્યો છે. એનો અર્થ એવો ન થાય કે 'તેણે' જ આ શરીર આપ્યું છે, જીવન પ્રદાન કર્યું છે તો તેણે સુખ આપ્યું છે અને તેણે જ દુખ આપ્યું છે? સુખ ને દુઃખની આંધીઓ આવે ત્યારેપ્રયાસ ચોક્કસકરીએ, પણઆપણને નથી લાગતું કે અહીં કોઈ સતત આપણો સંગી પણ છે? કોઈ આપણું રખવાળું કરે છે, રખોપું કરે છે? મને મારા જીવનમાં મોરારિબાપુ પાસે રહેવા મળ્યું છે જે મારા માટે અંતિમ ઘટના છે. બાપુ એમની રામકથાઓમાંજીવનપરત્વેનોઅભિગમકેવોહોવો જોઈએ તેની ચર્ચા કરે છે. આ વિચાર પ્રસાદ મને ગમે છે, તેથી આવો, એમના શબ્દોમાં જ એમના વિચારોને માણીએ–

'મારાં ભાઈ–બહેનો, ઈશ્વરના બધાં જ વિધાનો મંગળ છે. જે કંઈ પણ બને છે એ મંગળ વિધાન છે. હું ઘણા વખતથી બોલી રહ્યો છું કે ઈશ્વરની સૃષ્ટિમાં બધું વ્યવસ્થાપૂર્વક થતું હોય છે. આપણી અલ્પમતિ ક્યાં જોઈ શકે છે? પરમાત્મા, તને જે ગમશે, એ મને ફાવશે – આ શીખવા જેવું છે. ઈશ્વર જે કરે છે તેના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નથી. પોતે એમાં અંદર ઊતરવું નહીં. આપણે આપણી જાતને વચ્ચે મૂકીએ છીએ તેમાં જ બધા ગોટાળાઓ ઊભા થાય છે..'

કેવી સુંદર વાત છે આ! જ્યાં સુધી જીવન છે, શ્વાસ છે ત્યાં સુધી પરિસ્થિતિઓ, સમસ્યાઓ, ઘટનાઓ તો આકાર લેતી રહેશે, બનતી રહેશે, પણ એ વખતે આપણો અભિગમ કેવો રાખવો? બાપુ આ સમજાવે છે. યથામતિ અને યથાશક્તિ પ્રયાસ તો કરીએ જ, પણ સાથે સાથે કોઈ પરમના શરણાગત પણરહીએ. 'હુંકરું, હુંકરું એજ અજ્ઞાનતા...'એ મંત્ર સમાન પંક્તિઓને યાદ રાખીએ. દોસ્તો આવો, આપણને સતત પ્રાપ્ત એવા પરમના સથવારાને જો પિછાણીશું તો હળવા બનીને જીવી શકીશું.

**જયદેવમાંકડ**

# પરમનેસથવારે

પપ્પા થોડી ઓળખાણ લગાડોને, પેલા અંક્તિના પપ્પાએ તો કેટલી બધી લગાડી છે. મારા મનમાં મૂંઝવણની સાથે-સાથે પપ્પા ઉપર થોડી ચીડ પણ હતી. ખબર નહીં એ દિવસે મારી આંખોમાં પપ્પાએ શું વાંચ્યું કે પાસે બોલાવીને હીંચકે એમની સાથે બેસાડ્યો.

મારા મગજે તૈયારી કરી લીધી કે હવે લાંબું લેક્ચર મળવાનું છે, પણ પપ્પાએ એ દિવસે આઠ જ શબ્દોમાં જીવનની દરેક જંગ જીતી જવાય એવો મંત્ર ફૂંક્યો. એ મહાન મંત્રનું મહત્ત્વ છેક આજે જઈને જણાય છે.

આગળ વધવા કોઈની ઓળખાણ અને લાગવગ જ અગત્યની હોય છે તેવું માનતા ટીનેજરને પપ્પાએ જીવનની દરેક તકલીફોના ઉપાયજેવો મંત્રઆપ્યો કેએક વાતયાદ રાખજે દીકરા આપણી ઓળખાણ માતાજી.

પરમના સથવારાને પળેપળ અનુભવવાનો એ જીવતા પરમેશ્વર રસ્તો બતાવ્યો હતો. સમય વીતતો ગયો અને દરેક તકલીફોથી લઈને મૂંઝવણના સમયે એ જીવનમંત્ર ૧૦૦%ના સક્સેસ રેટ સાથે કામ આવ્યો.

હમણાંજ એકકાર્યક્રમમાં હુંમુખ્ય વક્તા તરીકે હતો. નાનપણમાં સ્કૂલની ડિબેટ કૉમ્પિટિશનમાં લાગવગથી સિલેક્ટ થયેલો અંક્તિ એ જ કાર્યક્રમમાં આયોજક મંડળમાં લોકોના પાસ ચેક કરીને બેસાડવાની વ્યવસ્થામાં હતો. માતાજીની ઓળખાણ માણસની ઓળખાણ કરતાં વધારે કામ લાગે છે એ અનુભવ્યું ત્યારે સ્ટેજ ઉપરથી જ આકાશમાં જોઈ માતાજીના ખોળે બેઠેલા પપ્પાને થેંક્યુ કહ્યું હતું.

આવા અનેક અનુભવોથી એટલું સમજાયું કે પરમના સથવારાનો પાસવર્ડ છે શ્રદ્ધા.

નાનકડો જીવ જ્યારે માના ગર્ભમાંથી બહાર નીકળે અને અજવાળાનો પ્રથમ સ્પર્શ થાય ત્યારે રોમેરોમમાં જે અનુભવાયો હશે એ હશે પરમનો સથવારો.

નાનપણ સાઈકલ શીખતી વખતે સીટની પાછળથી પકડેલો પપ્પાનો હાથ ધીમેથી છૂટે અને આપણે પણ સાઈકલ બેલેન્સ કરતાં થઈ જઈએ એમ જ જીવનમાં પણ આપણી સમજણની સીટને પાછળથી પકડતો પરમેશ્વવરનો હાથ અનુભવાય એટલે સમજવું કે પરમનો સથવારો છે.

લાગણીઓનું લર્નિંગ લાઈસન્સ લીધાં વગર હૃદયના રોડ ઉપર બેફામપણે અપેક્ષાઓનું એક્સીલેટર દબાવતાં આપણા સૌની જીવનગાડીમાં પરમાર્થનું પેટ્રોલ અને ડહાપણનું ડિઝલ ભરનાર પરિસ્થિતિઓની અનુભૂતિ થાય એટલે સમજવું કે પરમનો સથવારો છે.

ગમે ત્યારે બટકી જતી ઇચ્છાઓ અને સમજણના શાર્પનરથી અણી કાઢી કર્મોના કેન્વાસ ઉપર જીવન નામનું ચિત્ર દોરતાં ઈશ્વરના ચિત્રકારની સતત હાજરી અનુભવાય એટલે સમજવું કે પરમનો સથવારો છે.

મંદિરમાં જઈને કશું માગવાની જગ્યાએ એ મનોહર મૂર્તિ ને માણવાનું મન થાય એટલે સમજવું કે પરમનો સથવારો છે.

અશક્ય પરિસ્થિતિમાં પણ મનના કોઈ ખૂણામાં પડેલો ''થઈ જશે''નો વિશ્વાસ સતત ઘૂઘવતો હોય તો સમજવું કે પરમનો સથવારો છે.

તો ચાલો, સતત સાથે રહેતા આ સથવારાને આતમમાં અનુભવી અનંત ના ખોળે મહાલીએ.

**ડૉ.હાર્દિકનિકુંજયાજ્ઞિક**

# લક્ષ્મીનોસાક્ષાત્કાર

પરમને સથવારે – આ વિષય પર વિચારતાં કેટલીય એવી ઘટનાઓ નજર સામે તરી આવી કે જ્યારે આપણે માનવું પડે કે કોઈક તો દૈવી તત્ત્વ હાજરાહજૂર છે, કે જે આપણી સહાયતા માટે ઉપસ્થિત હોય જ છે. જીવનમાં ક્યારેક એવી ઘટનાઓ બનતી હોય છે કે આપણા જીવનની દિશા અને આપણી વિચારધારાને પણ બદલી નાખતી હોય છે. મારા અંગત જીવનમાં બનેલો સાચો બનાવ બહુ ટૂંકમાં અહીં વર્ણવું છું. જે ઘટનાએ મને જીવવાનું નવું બળ અને જોમ પૂરું પાડ્યું છે.

મારો પરિવાર આમ તો મધ્યમ વર્ગમાં ગણના થાય એવો, એમાં પણ આજથી પાંચ દાયકા અગાઉ અમારાં માતુશ્રી ૧૯૬૮માં હું માત્ર ૭ વર્ષનો હતો ત્યારે અવસાન પામ્યાં હતાં. માતા શિક્ષક હતાં અને પિતા એક ટ્રસ્ટ સંચાલિત પુસ્તકાલયમાં નોકરી કરે. માતાના અવસાન પછી મારા પિતા અને અમે ત્રણ ભાઈ-બહેનો ત્રણેયના ઉછેરની જવાબદારી પિતા પર આવી પડી અને મારા પિતાએ માતા-પિતા બંને જવાબદારી નિભાવી. પિતા ઘર કેવી રીતે ચલાવી શક્તા હશે તેનોઅહેસાસહવેમનેથાયછેત્રણેસંતાનોના ઉછેર અભ્યાસ પછી બે બહેનોને સારા ઘરે પરણાવી, ઉધાર ઉછીના કર્યા હશે, પણ મોઢા પર એક સળ નહીં!

સમય પાણીની જેમ સરતો ગયો મને સરકારી નોકરી મળી, સમય આવ્યો મારા લગ્નનો, એ પણ પિતાએ રંગેચંગે સંપન્ન કર્યાં, એ જ ઉધાર ઉછીના કરીને. મારા પિતા નરસિંહ મહેતા જેવા હતા કાયમ કહેતા 'થઈ રહેશે'

અને સાચે જ થઈ રહ્યું. હું એમ કહું કે મારા પિતાની તમામ ઉધાર ચૂક્તે કરવા અને મારાં લગ્નનો ખર્ચ ઉપાડવા મારાં માતા સાક્ષાત હાજર થયાં! તો એ વાત માનવામાં આવે? પણ ના વાત માનવી પડે એવી ઘટના સર્જાય છે અને અમારા પરિવારના તમામ આર્થિક પ્રશ્નો મારાં માતુશ્રી એ હલ કર્યા! કેવી રીતે એ જાણ્યા પછી માનવું પડશે, કે ખરેખર કોઈ દૈવી શક્તિ આપણી સાથે છે અને મૃત્યુ પછીપણતમારુંસ્વજનતમારાંદર્દદૂર કરવાઆવે છે.

વાત જાણે એમ બની કે, મારાં માતા અવસાન સમયે સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં હતાં અને ચાલુ ફરજે અવસાન પામ્યાં હતાં એ સમયે અમને કે અમારા પરિવારના કોઈને સરકારી પેન્શનના નિયમોની જાણ ન હતી કે નિયમો ન હતા તે ખબર નથી, પરંતુ મારાં માતાનાં અવસાન પછી છેક ૨૩ વર્ષે મારાં લગ્ન પછી અમારા એક સ્વજન કે જે સરકારી નિયમોના જાણકાર હતા, તેમણે એવું જણાવ્યું કે, મારાં માતાના અવસાન પછી મારા પિતાને માતાનું ફેમિલી પેન્શન મળવું જોઈએ અને તેમણે રીતસર ઝુંબેશ ઉપાડી. મારાં માતા છેલ્લે જે શાળામાં હતાં ત્યારથી સર્વિસ રેકર્ડ કઢાવી પેન્શન અંગેના તમામ પત્રો તૈયાર કર્યા અને કેસ સરકારમાં મોકલ્યો અને અમારા સૌના આશ્ચર્ય વચ્ચે બહુ જ ઓછા સમયમાં મારા પિતાને સરકારે ફેમિલી પેન્શન મંજૂર કર્યું અને તે પણ છેક મારાં માતાના અવસાનના સમયથી; એટલે ૨૩વર્ષના એરિયર્સસાથે તમામરકમ મારાપિતાને મળી! અમારાં ત્રણેયનાં લગ્ન પછીનું અને અન્ય તમામ કરજ મારા માતાએ ઉતારી આપ્યું! અને એ જ વર્ષમાં મારાં ઘરે લક્ષ્મીનો જન્મ થયો. હું તો માનું છું કે મારાં પુત્રી રૂપે મારા માતાએ પુનર્જન્મ લીધો છે આજે સૌ સંપન્ન છે. પુત્રી પણ તબીબ છે અને પોતાના સંસારમાં સુખી છે.

જીવનમાં આવી ઘટના બને ત્યારે એવું માનવું જ પડે પરમનો સથવારો આપણી સાથે જ છે..

**નરેશઅંતાણી**

# એકઅનુભૂતિ

UNESCOની સ્વીકૃત મુંબઈની ન્યૂ ઇરા શાળાની મારી કારકિર્દી દરમિયાન અનેકવિધ પ્રકલ્પો (પ્રોજેક્ટ્સ) કર્યા. આવો એક પ્રકલ્પ ઇન્ટર રીજનલ લિવિંગ એક્સરિયન્સનો પ્રોજેક્ટ સફળ થયા બાદ ઇન્ટરનેશનલ લિવિંગ એક્સરિયન્સનો પ્રકલ્પ મુંબઈની શ્રીમતી નીરૂબેન મહેતા અને પ્રાચાર્ય ડૉ. કાંતિભાઈ વ્યાસની રાહબરી હેઠળ સ્થપાયેલી સમન્વય સંસ્થા અને સ્કોટલૅન્ડની ડૉ. ગિલમોરની રાહબરી હેઠળની ઇંગ્લિશ સ્પીકિંગ યુનિયન ઑફ સ્કોટલૅન્ડ સંસ્થાના ઉપક્રમે હાથ ધરાયો. આ પ્રકલ્પ હેઠળ ભારતની પ્રાયોગિક શાળાઓના ૧૫થી ૨૦ વિદ્યાર્થીઓનાં ત્રણ જૂથ એક એસ્કોર્ટ ટીચર સાથે ૧૯૭૨થી ૧૯૭૪માં મહિના માટે સ્કોટલૅન્ડ જઈ આવ્યા. ૧૯૭૫ના મે મહિનામાં આવો જ એક પ્રવાસ સ્કોટલૅન્ડનો યોજાયો. ભારતના સાતેક પ્રાંતોની પ્રગતિશીલ માધ્યમિક શાળાઓમાંથી ૧૧થી ૧૬ વર્ષની વયના ૧૯ વિદ્યાર્થીઓને પસંદ કરાયા. આ જૂથ સાથે વડોદરાની કૉલેજના એક પ્રાધ્યાપકની એસ્કોર્ટ ટીચર તરીકે નિમણૂક થઈ. ગ્લાસગો પાસે આવેલ ક્લાર્ક સ્ટન નામના વિસ્તારમાં રહેતાં ૧૯ કુટુંબોમાં સવા મહિનો રહેવાનું હતું. એસ્કોર્ટ ટીચરે પણ સ્કોટિશ કુટુંબ સાથે રહેવાનું હતું. છેલ્લી ઘડીએ વડોદરાના પ્રાધ્યાપકે આ જવાબદારી તેઓ નહીં લઈ શકે તેવું જણાવતાં સમન્વય સંસ્થાએ મને આ જવાબદારી સ્વીકારવાનું જણાવ્યું. આ જવાબદારી એક પડકારરૂપ હતી. તે સમયે આર્થિક પરિસ્થિતિ જોતાં જીવનમાં પરદેશ જવાનો વિચાર કરવો કલ્પનાની બહાર હતો. આ પ્રવાસ જોવાલાયક સ્થળો જોવા માટે નહોતો, પરંતુ પ્રવાસ દરમિયાન સ્કોટલૅન્ડવાસીઓની જીવનશૈલી, તેઓની સંસ્કૃતિનો અભ્યાસ કરવાનો પ્રધાન હેતુ હતો. આથી આ વિદેશગમન પડકારરૂપ હોવા છતાં રસપ્રદ લાગ્યું. આ પ્રવાસનો તમામ ખર્ચ જે સંસ્થાઓના ઉપક્રમે આ પ્રકલ્પ હાથ ધરાયો હતો તે સંસ્થાઓ ઉપાડવાની હતી, તેથી કુટુંબીજનો અને સહૃદયીઓએ પ્રોત્સાહનથી આ જવાબદારી સ્વીકારવા અનુમતિ આપી. આ પ્રવાસમાં ૧૧ વિદ્યાર્થીઓ અને આઠ વિદ્યાર્થિનીઓની પસંદગી થઈ હતી. આમાંથી સંગીતા ભણસાળી નામની વિદ્યાર્થિની પૉલિયોગ્રસ્ત હતી અને કાશ્મીરા ભેસાણીયા નામની વિદ્યાર્થિની અનાથાશ્રમની શાળાની હતી.

સોમવાર, તા. ૪ મે ૧૯૭૫ની મધરાતે (તા. ૫ મેની વહેલી સવારના) ૧ વાગે ઍર ઇન્ડિયાની ફ્લાઇટમાં દિલ્હી થઈ એમ્સ્ટરડેમ જવાનું હતું દિલ્હીથી ટેક ઑફ લેતાં વિમાન યાંત્રિક ખરાબીને પરિણામે ભયંકર હોનારતમાંથી બચી ગયું. પાઇલટે જણાવ્યું કે વિમાન સળગી ગયું હોત, પરંતુ ઈશ્વરકૃપાથી આપણે સહુ બચી ગયા છીએ. આ હોનારતનું વર્ણન આ લખાણ માટે અસ્થાને છે. આ ‘પરમના સથવારા’નો પહેલો અનુભવ.

આ હોનારતને પરિણામે અમારા આગામી પ્રવાસનો કાર્યક્રમ ધરખમ રીતે ફેરવાયો અને તે પ્રમાણે હેગ, રોટરડેમ થઈ બ્રસેલ્સ પહોંચ્યા ને ત્યાં રાત હોટલમાં રોકાઈ તા. ૮મી મેએ પેરિસ પહોંચ્યા અને પેરિસથી રેલવે માર્ગે કર્કઅને ત્યાંથી ફેરી (ferry)માં ઇંગ્લિશ કેનાલ ઓળંગી યુ.કે.ના ડોવર બંદરે ઊતર્યાં, ત્યાંથી ટ્રેનમાં લંડનના વિક્ટોરયા સ્ટેશને શનિવાર તા. ૯મી મે પહોંચ્યા.

તા. ૯મી અને તા. ૧૦મી મેના આ દિવસો જે કપરી પરિસ્થિતિમાંથી પસાર થયો તેને યાદ કરતાં હૃદયના ધબકારા વધી જાય છે. રૂંવાડાં ઊભાં થઈ જાય છે. તો ચાલો આ પરિસ્થિતિની રામકહાની સંભળાવું.

વિક્ટોરિયા સ્ટેશનથી અમારી હોટલ પહોંચતાં પહેલાં અમે ટાવર ઑફ લંડન અને થેમ્સ નદીના દૂરથી દર્શન કર્યાં અને West Minister Abbeyની ઊડતી મુલાકાત લીધી. લંડનમાં અમને એક અંગ્રેજ ગાઈડ મિસ્ટર ફિલિપ્સ, આપવામાં આવેલ. હોટેલ પહોંચ્યા અને કાર્યક્રમ પ્રમાણે અમારે રાત્રે ૦૮.૦૦ કલાકે ઇટાલિયન ઑપેરા જોવા જવાનું હતું. ટ્યુબ રેલવે દ્વારા અમે સોહોલ સ્ટેશને ઑડિટોરિયમ માટે ઊતર્યાં.

રાત્રે ૧૧.૩૦ વાગ્યે ઑપેરા પૂરો થતાં ઑડિટોરિયમની બહાર નીકળતાં જે રસ્તાનું દૃશ્ય જોયું તે ભયાનક હતું. તોફાની ટોળાં એકબીજાં તરફ દારૂની કાચની બાટલીઓ અને કોલ્ડ ડ્રિંક્સનાં પતરાનાં કેન ફેંક્તાં હતાં. આ બધા રૉકેટમારાથી બચતાં બચતાં અમે ટ્યૂબ સ્ટેશનના રસ્તે આગળ વધ્યા.

સંગીતા ભણસાળી નામની વિદ્યાર્થિની પૉલિયોગ્રસ્ત હતી. તેની ચાલ લંગડાતી અને અત્યંત ધીમી હોવાથી મેં ગાઈડને અન્ય વિદ્યાર્થીઓને લઈ ટ્રેનની ટિકિટ ખરીદી ટ્યુબ સ્ટેશને અમારી રાહ જોવાનું કહ્યું. હું સંગીતા સાથે ટ્યૂબ સ્ટેશને બધા વિદ્યાર્થીઓ પહોંચ્યા તે કરતાં અડધો કલાક પછી પહોંચ્યો. ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું, સર સંગીતા ગ્રુપથી છૂટી પડી ગઈ છે ને મળતી નથી ખબર



સાંભળતાં ધ્રાસ્કો પડ્યો. હુલ્લડ જેવું વાતાવરણ સ્ટેશન પર પણ હતું અને મારે માટે અજાણ્યો દેશ અને આ વિટંબણા. જવાબદારી હતી એટલે ખૂબ શાંતિ જાળવી સ્વસ્થ રહેવું જરૂરી હતું. મેં ગ્રુપને કહ્યું કે અહીંથી ખસતા નહીં ને સાથે રહેજો. હું અને ગાઈડ સંગીતાને શોધવા પાછા ઑડિટોરિયમ સુધી આંટો મારી આવ્યા, પણ ભાળ ન મળી. મેં વિચાર્યું કે કાશ્મીરા હોશિયાર છોકરી છે એટલે કદાચ હોટેલ પહોંચી તો નહીં ગઈ હોય! આથી અમે સોહોલ સ્ટેશનથી ટ્રેનમાં હોટેલ તરફ પ્રયાણ કર્યું, પરંતુ ત્યાં પણ કાશ્મીરા નહોતી. બધા વિદ્યાર્થીઓ થાકી ગયા હતા એટલે હોટેલમાં તેઓના રૂમમાં લઈ ગયા અને અમે પોલીસ સ્ટેશને જઈએ છીએ અને કાશ્મીરાને તેઓ શોધી આપશે એવું કહ્યું છે આમ ભરમાવી વિદ્યાર્થીઓને નિદ્રગ્રસ્ત કર્યા ત્યારે રાત્રે દોઢેક વાગ્યો હતો. ફિલિપ્સ ગાઈડને સાથે આવવા કહ્યું ત્યારે તેણે આઘાતજનક પ્રતિસાદ આપ્યો, મને કહે, "Sir what is lost is lost, why worry?' ખૂબ ક્રોધિત થઈ તેને કહ્યું, "Gentelman, I have not lost an object, I lost a human being and that too a girl of 14 yrs. of age. If you are tired, go and sleep but you dare not repeat these words again" તે શાંતિથી સૂવા ચાલ્યો ગયો.

ઝરમર વરસાદ વરસતો હતો એટલે રેઈનકોટ પહેરી માથે રેઈનકેપ પહેરી ત્રણ-ચાર બ્લોક્સ દૂર (અડધો કિલોમીટર દૂર) આવેલા પોલીસ સ્ટેશન તરફ દોડ્યો. તે જમાનામાં અત્યંત અલ્પવિદેશીનાણુંપ્રવાસીઓનેઅપાતું.બધોખર્ચ સંસ્થાઓ કરવાની હતી, એટલે વિદ્યાર્થીદીઠ ૧૦૦ ડૉલર અને ઍર ઈન્ડિયાની કોમ્પ્લિમેન્ટરી ટિકિટ પર હું પ્રવાસ કરતો હતો તેથી મને પાંચ ડૉલર પાંચ અઠવાડિયાં માટે આપવામાં આવેલ. મિડનાઈટ સ્વીપર રસ્તો સાફ કરતા હતા, આ સૂમસામ રસ્તા પર મારા બૂટના અવાજ સિવાય કોઈ અવાજ ન હતો. જેમ્સ બોન્ડના ચલચિત્ર જેવો માહોલ હતો!

પોલીસ સ્ટેશને સ્ટેશન ઑફિસરને વિગત કહી. મને અસ્વસ્થ જોઈ મને આરામદાયક ખુરશી આપતાં કહ્યું, 'Sir why cant you have a cup of coffee? આવી વર્તણૂક ભારતના પોલીસ સ્ટેશને જોવા મળે ખરી? ''જુઓ મિસ્ટર સામાન્ય સંજોગોમાં તમારી વિદ્યાર્થિની થોડા જ કલાકમાં શોધી આપત, પરંતુ આ અસામાન્ય સંજોગોમાં તમારી છોકરીને જરૂર ગોતી આપશું, પણ ક્યારે અને કઈ હાલતમાં તે કહી શકું નહીં. દર વર્ષે ઇંગ્લૅન્ડ - સ્કોટલૅન્ડની ફૂટબોલ (Soccer)ની ફાઈનલ રમાય છે ત્યારે આવું હુલ્લડ થાય છે.'' આ સાંભળતાં જ મારા તો મોતિયાં જ મરી ગયાં. સ્ટેશન ઑફિસરે કહ્યું કે અન્ય વિદ્યાર્થીઓ હોટેલ પર છે માટે ત્યાં જઈ ફોનથી અમારા સંપર્કમાં રહેજો. અહીં રેસ્ટ રૂમમાં પણ આરામ કરી શકો છો.

હોટેલે પાછો ફર્યો ત્યારે રવિવારે સવારના આઠ વાગ્યા હતા. વિદ્યાર્થીઓને બપોર સુધીમાં કાશ્મીરા મળે છે એવી ખાતરી પોલીસે આપી છે એવું અસત્ય કહી વિદ્યાર્થીઓને સાંત્વના આપી અને તેઓ માટે બ્રેકફાસ્ટ વગેરેની વ્યવસ્થા કરી. મારી તો ભૂખ જ મરી ગઈ હતી એટલે ગરમ સ્ટ્રોંગ કૉફી પીધી.

બપોરે ૦૩.૦૦ વિપત્તિનાં વાદળો વિખેરાયાં હોટેલથી ચારેક કિલોમીટર દૂર આવેલ પોલીસ સ્ટેશનથી ફોન આવ્યો, ''મિ. બૂચ તમારી ખોવાયેલી વિદ્યાર્થિની સહીસલામત અમારી પાસે આવી ગઈ છે તમે પોલીસ સ્ટેશને આવો. કાશ્મીરા સાથે ફોન પર વાત કરી. ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડતી હતી. મેંતેનેશાંતરહેવાકહ્યુંઅનેહુંસત્વરે પહોંચુંછું તેમ જણાવ્યું. આ સમાચાર અન્ય વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસથી વધાવી લીધા.

પોલીસ સ્ટેશને પૈસાની પરવા કર્યા વિના ટેક્સીમાં પહોંચ્યો ત્યાં એક વૃદ્ધ સરદારજી અને તેના પુત્રને સ્ટેશન ઑફિસર ધમકાવી રહ્યો હતો. આખી રાત અત્યાર સુધી આ છોકરીને ક્યાં લઈ ગયાં હતાં આ બંનેની હું ધરપકડ કરું છું. સરદારજીએ મને કરગરતાં વિગત કહી મેં પોલીસ ઑફિસરનેકહ્યું કેઅમારે કોઈફરિયાદ નોંધાવવી નથી અને તેમને બાઇજ્જત છૂટા કરવાની વિનંતી કરી. અમારા કહેવાથી તેઓએ આ બે વ્યક્તિઓને મુક્તકરી છેવું કાયદાનીભાષામાં લખાવડાવી લીધું.

હવે કાશ્મીર ગ્રુપથી અલગ કેવી રીતે પડી તે ઘટના પણ અલૌકિક છે. ટિકિટ ખરીદ્યા બાદ પ્લૅટફૉર્મ જવા માટે એસ્કેલેટર પર જવા માટે એક ચકરડી (Turn style) હોય. તેની બાજુના સ્લોટમાં ટિકિટ નાખો એટલે તે પંચ થઈ બીજી તરફના સ્લોટમાંથી બહાર આવે ત્યારે ચકરડી ફરે અને તે એસ્કેલેટરમાં જઈ શકો. બધા વિદ્યાર્થીઓ આ રીતે પ્રવેશ્યા, પરંતુ કાશ્મીરા જ્યારે આવી ત્યારે આ ચકરડી (Turn style) યાંત્રિક ખરાબીને લીધે લોક થઈ ગયેલ. તેથી કાશ્મીરાએ બાજુની ચકરડીના સ્લોટમાં ટિકિટ નાખી, બીજા એસ્કેલેટર પર આવી ઇંગ્લૅન્ડ ટ્યૂબ ટ્રેન બેથી ત્રણ લેવલ પરથી વિવિધ દિશાનાં સ્ટેશનોએ જાય છે. હવે અન્ય વિદ્યાર્થીઓ જે એસ્કેલેટર પર ગયા તે એક નંબરના લેવલના પ્લૅટફૉર્મ પર લઈ જાય. જે એસ્કેલેટર પર કાશ્મીરા ગઈ તે તેની ઉપર બે નંબરના લેવલ પર આવેલ પ્લૅટફૉર્મ પર ગઈ. આમ ગ્રુપથી તે છૂટી પડી ગઈ. છેવટે ગભરાઈને તે સ્ટેશનના મેન હોલમાં ઊભીઊભી રડ્યાં કરે. તેવામાં એક નિગ્રો સ્ટેશન માસ્તરની તેની ઉપર નજર પડી. અસામાન્ય વાતાવરણને પરિણામે તે સ્ટેશન છોડી શકે તેમ નહોતોતેથી તેબે લેવલનાપ્લૅટફૉર્મ પરકાશ્મીરાને લઈ ગયો અને ત્યાં એક સરદારજીના સંયુક્ત કુટુંબને કાશ્મીરાને સોંપીને કહ્યું, ''આ છોકરી પોતાના જૂથથી અલગ પડી ગઈ છે તો તેને તેની સાથે મેળવી આપવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરી. સરદારજી ભલા, પણ અવ્યવહારુ હતા. તેણે કહ્યું ફિકર ના કરોજી અબ યહ હમારી હી બેટી સમજો.'' તેઓ પોતાની સાથે કાશ્મીરાને પોતાના વિશાળ એપાર્ટમેન્ટમાં લઈ ગયા. કાશ્મીરા તેમને અવારનવાર કહ્યાં કરે કે પોલીસ સ્ટેશનને જાણ કરો, પરંતુ સરદાર કહે કે તું સ્ટેશન પર ખો ગઈ હૈ તો સ્ટેશન માસ્તર કો ફોન કરતે હૈ, કાશ્મીરા એક આરામખુરશીમાં બેઠી હતી ત્યાં થાકથી નિદ્રાધીન થઈ ગઈ. વહેલી સવારે જાગી તો સરદારનું

કુટુંબ તેની આસપાસ હતું. અવારનવાર કાશ્મીરા સરદારજીને કહેતી રહી કે પોલીસ સ્ટેશન પર ફોન કરવો જોઈએ, પરંતુ સરદારજીનું કહેવું હતું કે કાશ્મીર રેલવે સ્ટેશન પર ખોવાઈ છે માટે રેલવેના સત્તાવાળાઓને ફોન કરવો જોઈએ. સરદારજીએ કાશ્મીરાને પૂછ્યું કે કાર્યક્રમ પ્રમાણે તમારું ગ્રુપ આજે ક્યાં જવાનું હતું કાશ્મીરાએ જણાવ્યું કે આજે તેઓ ૧૧ વાગ્યે મેડમ તુસાદ મ્યુઝિયમ જોવા જવાનું હતું. સરદારજીએ કહ્યું, ''તો ક્યોં ગભરાતી હો ગ્યારહ બજે હમ ભી મ્યુઝિયમ જાયેંગે ઔર ઉનસે તુમ કો મિલા દેંગે.'' પરંતુ આ મ્યુઝિયમ જવાનો કાર્યક્રમ રદ્દ થયો હતો. જો મેડમ તુસાદ મ્યુઝિયમ જવાનો નિર્ણય બદલ્યો ન હોત તો આ પ્રશ્ન વહેલો ઉકેલાઈ ગયો હતો, પરંતુ કેટલાક નિર્ણય સંજોગોને ધ્યાનમાં લઇ કરવા પડે છે.

આખરે સરદારજી મ્યુઝિયમથી ત્યાંથી નજીક આવેલ બોલાઈન પોલીસ પહોંચ્યા. પોલીસ ઑફિસરનોઅને સરદારજીનોખૂબ ખૂબઆભાર માની હોટેલે પહોંચ્યા. હોટેલ પહોંચતાં અન્ય વિદ્યાર્થીઓએ હર્ષનાદ કરી તેનું સ્વાગત કર્યું. ગાઈડ ફિલિપ્સને રજા આપી દીધી. મેં બે દિવસથી દાઢી નો'તી કરી તેથી દાઢી કરી, નાહી કરીને નિરાંતે ચા-નાસ્તો કરી સ્વસ્થ થયો.

રવિવારે રાતની દસ વાગ્યાની બસમાં ગ્લાસગો તરફ પ્રયાણ કર્યું. કાશ્મીરા હજી આ બનાવથી ડઘાઈ ગયેલી પરિસ્થિતિમાં હતી, તેથી મારીબાજુમાંહાથ પકડીબેસીગઈ. કલાકપછી મિત્રો સાથે હળી-મળી હળવી થઈ. તારીખ ૯મીએ રાત્રેએકવાગ્યાથીફેરીમાંલંડનજવાનીકર્યાંહતાં અને તારીખ ૧૦મીએ રાત્રે કાશ્મીરાની શોધખોળમાં આખી રાત ગાળી હતી અને તારીખ ૧૧મીએ રાત્રે આઠ કલાકની રાતની મુસાફરી કરી. આમ ત્રણ રાતથી સૂતો નહોતો સોમવાર તા. ૧૨મીની સવારે છ વાગે વરસાદમાં ગ્લાસગો પહોંચ્યાં અને ડૉ ગિલમોર અને જે શાળામાં અમે જોડાવાના હતા તે શાળાના ઉપ-આચાર્ય શ્રી મેકેન્ઝીએ હારતોરા પહેરાવી સ્વાગત કર્યું. ઊતરીએ તે દિવસે જે કુટુંબમાં અમારે રહેવાનું હતું ત્યાં જઈ આરામ કરવાનો હતો, પરંતુ કાર્યક્રમ બદલાતાં અમને સીધા ગ્લાસગોથી ૧ કલાકને અંતરે ત્યાંના કલાર્કસ્ટનના પરા નજીક આવેલ વિલિયમવુડ શાળામાં લઈ જવામાં આવ્યાં. વિદ્યાર્થીઓ તો તે શાળાના વિદ્યાર્થીઓ સાથે હળી મળી ગયાં. હું આખી શાળામાં ફરતો જ રહ્યો. કારણકે બેસું તો ત્રણ રાતના ઉજાગરા પછી ઝોકાં આવી જાય તો જાહેરમાં ફજેતી થાય મારે શ્રી મેકેન્ઝી અને તેમનાં પત્ની માર્ગરેટના કુટુંબના ઘેર રહેવાનું હતું તેથી સાંજે છ વાગ્યે જમી (Supper) કરી મને આપેલ આરામદાયક બેડરૂમમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

વિમાન હોનારતમાંથી બચવું અને મારી રાહબરી હેઠળ લઈ ગયેલ ગ્રુપની વિદ્યાર્થિનીનું ખોવાઈ જવું એ અગ્નિપરીક્ષા હતી. આ અગ્નિપરીક્ષામાં સફળતાથી પાર ઊતર્યો એ પરમના સથવારા વગર શક્ય જ કેવી રીતે બને?

**દિનેશબૂચ**

# સરનામું-એકસત્યકથા

રોજની જેમ સવારે ઈશ્વરને પ્રાર્થના કરી કે, ''તેં જે કામ મને સોંપ્યું છે એમાં જાણેઅજાણે કોઈને મનદુઃખ કે અન્યાય ન કરી જાઉં એવો વ્યવહાર આપજે. મારું કામ તો અલખને ઓટલે અનેપરમને સથવારેજ ચાલ્યુંજાય છે.એમાં હે ઈશ્વર તું હંમેશાં મારી સાથે રહેજે.

અને બરાબર અગિયાર વાગે હું વિકાસગૃહની ઑફિસમાં ટેબલ પર મારા કામે વળગી ત્યાં એક બહેન આવ્યાં.

પાંસઠની આસપાસ ઉંમર હશે, એકવડી સાંઠી, સામાન્ય ઘરનાં હોય એવો દેખાવ.

મેં આવકાર્યાં.

''આવો બેન.''

''મારી મદદ કરો મેડમ. હું બહુ મુશ્કેલીમાં છું.''

અમારેવિકાસગૃહમાં આવાકિસ્સાઓ તો આવતા જ રહેતા હોય. એમાં નવું નહોતું. સંચાલિકા તરીકે મારે આવી કેટલીય સ્ત્રીઓને મળવાનું અને એમની તકલીફના ઉકેલ લાવવાનું કામ રહેતું.

અને એ મારી સામે ગોઠવાયાં.

બસ પછી સામેની ખુરશી પર બેઠેલી એ સ્ત્રીરડમસ ચહેરેબોલતી રહીઅને હુંસાંભળતી રહી.

''બેન, ઘોર કળિયુગ આવી ગયો છે. મારા દીકરા-વહુએ કહી દીધું કે પોતરાઓ મોટા થયા એટલે હવે ઘર નાનું પડે છે. તો મારે હવે મારી જગ્યા બીજે કરવી જોઈએ. નક્ટાની જીભ ન કપાઈ ગઈ! એમના બાપુજીહતા ત્યાંસુધી મનેહરફ સરખોકોઈ બોલી નથી શક્યું. એમની વિદાય થઈ અને એ આજકાલની આવેલી વહુ હવે માથે તાગડધિન્ના કરે છે બોલો. બેન, મારે તમારા સિવાય કોઈ આશરો નથી.''

મેં રજિસ્ટર કાઢ્યું.

''ચિંતા ન કરો બેન. આ સંસ્થા તમારા જેવી દુઃખી, ત્યજાયેલી સ્ત્રીઓની મદદ માટે જ છે.''

મેં પહેલી વાર એમની સામે ધ્યાનથી જોયું. જાણીતો ચહેરો કેમ લાગે છે એ બહુ સમજાયું નહીં.

''સારું. નામ લખાવો.''

''પારુલ.''

''આખું નામ લખાવો બેન''

અને એમણે સરનેમ અને પોતાનું અત્યારનું સરનામું લખાવ્યું. એ સાંભળીને મારા કાન ચમક્યા.

મેં ફરી ધ્યાનથી એમની સામે જોયું.

ઓહો! એક ઘટના નજર સમક્ષ તરી આવી.

વર્ષો પહેલાં આવી જ એક સવારે એક ફોન આવ્યો હતો.

''બેન જલદી આવો. અમારા પાડોશી એમની માને બહુ મારી રહ્યા છે.''

અને વર્ષો પહેલાં પારુલે આજે લખાવેલા

સરનામા પર અમે પહોંચીને એક પીડિત માને વિકાસગૃહમાં લઈ આવ્યાં હતાં.

એ મા જિંદગીપર્યંત અનાથ થયાના કચવાટ સાથે જીવતી રહી હતી. ક્યારેય પરિવારમાંથી કોઈ એને મળવા-જોવા ન આવ્યું, પણ એણે પરાણે કરાવાયેલા મહાભિનિષ્ક્રમણને ઈશ્વરની મરજી અને કર્મના સિદ્ધાંત તરીકે સ્વીકારીને પરિવારને માફ કર્યો હતો. ક્યારેય કોઈ ફરિયાદ નહોતી કરી.

એમાએ છેલ્લાસમયે મનેબોલાવીને કહ્યું હતું,

''બેન, ભગવાન ન કરે ને મારા દીકરા-વહુનેઆવીજરૂર પડેતોતમે મદદકરજો.મારા વિનય અને પારૂલને સહાય કરજો. મારી આ થોડી ઘણી પૂંજી હું એમના નામે અહીયાં જમા કરાવું છું.''

આજે એ જ પારૂલ મારી સામે હાથ જોડીને મદદની માગણી કરી રહી હતી ત્યારે હું અવઢવમાં પડી ગઈ હતી. નજર સામે જે ઘટના આકાર લઈ રહી હતી એ સાવ અણધારી હતી.

ક્યારે કોનું સરનામું બદલાઈ જશે એને કુદરતના ઈનસાફ તરીકે માનું કે માત્ર સંયોગ? જે હોય એ બહુ વિચારવિમર્શ પછી અંતે ઉપલી અદાલત પર છોડીને પારૂલને એનાં સાસુએ જમા કરાવેલી રકમમાંથી ફી ભરીને રૂમમાં વ્યવસ્થા કરી આપી.

**લીનાવછરાજાની**

# આર્ષદષ્ટિ

શ્રી અરવિંદ અને માતાજી વિશે તો લગભગ સહુ જાણતા જ હશે. એક વખત લગ્નઇચ્છુક નવયુવાન "the Mother" of Shri Aurobindo Ashram Pondicherry પાસે જઈ પોતાની દ્વિધા જણાવી. બે યુવતીઓ ઉપર પસંદગી ઉતારી હતી તેમાંથી કોની સાથે લગ્નગ્રંથીથી જોડાવું?

ત્યારે પોંડીચેરીમાં શ્રી માતાજીએ કહ્યું, ''જે યુવતીને દ્વિતીય પસંદ કરી છે તેની સાથે લગ્ન કરીશ તો લગ્નજીવનનું સુખ પામી શકીશ.''

આમ એ યુવકે માતાજીના સુમુખેથી નીકળેલ સૂચન પ્રમાણે જ લગ્ન કરી, સુખી થયા.

મારાં પિયર પક્ષનો મોટો પરિવાર પણ નડિયાદ આશ્રમના સંત પૂ. શ્રી મોટા જે સ્નેહીજન પણ હતા. એમના પરિચયમાં હતા. એક પ્રસંગ મને યાદછે, મારાપિતાજીએ કહેલછે એજમાનામાં બનારસ યુનિવર્સિટીમાં પરીક્ષા આપવા ગયેલ મારાં ફોઈના સોનાના દાગીના સંભાળવાની જવાબદારી પૂ. શ્રી મોટા ઉપર હતી, પણ તેઓ તો ધ્યાનમાં ઊતરી ગયા. સોનાના દાગીના ચોરાયા. મધ્યરાત્રિએ અગમ્ય રીતે એ ચોર શ્રી મોટા જ્યાં રહેતા હતા ત્યાં આવ્યો. દાગીના પરત કર્યા, માફી માગી શ્રી મોટાને વચન આપ્યું કદી તીર્થસ્થળે ચોરી નહી કરે. ત્યાર પછી એના શરીરની બળતરા શમી. આમ શ્રી મોટાની પ્રભુ પ્રિત્યર્થે જ જીવન જીવવાથી જે ચૈતસિક શક્તિ હતી તે જાગૃત થયેલ હતી.

આવાતોશ્રદ્ધા,આધ્યાત્મિક દષ્ટિકોણઅને અગોચર મનની છે. આર્ષદષ્ટિ તો સંત મહાપુરુષોને સહજતાથી જ પ્રાપ્ત થઈ હોય છે. આવા કોઈ સંત સદ્‌ગુરુના પરિચયમાં જો તમે આવ્યા હોવ, તો તમારી જાતને ખૂબ જ ભાગ્યશાળી સમજવું.

અને... એ બાબતમાં હું તો ભાગ્યશાળી છું. કારણ લગ્ન પછી પણ આવા સંત સદ્‌ગુરુના પરિચયમાં સહજતાથી આવી છું. અમે એટલું જાણતા આ મહાપુરુષ ગાયત્રીમાના ઉપાસક સાંસારિક સંત છે. મિતભાષી, પ્રેમ, કરુણા એમના વ્યક્તિત્વમાં અને અસ્તિત્વમાં વર્તાતી. એમને મળીને આનંદની અનુભૂતિ થતી. તેઓ આજે પણ ૮૭ વર્ષે માનવસેવા કરે છે. વ્યક્તિગત મુલાકાત આપે છે. સમાજ માટે આધિ - વ્યાધિ - ઉપાધિથી ત્રસ્ત માનવબંધુને વિનાશુલ્ક સેવા આપે છે. લગભગ ૩૦ વર્ષથી હું એમના સંપર્કમાં છું.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મારા સસરાજીએ Post office ની Fix Deposit ની Receipts સાચવીને મૂકી હતી, પણ મળતી ન હતી. એ સમયની મોટી રકમ હતી. મારા પતિએ પણ ઘણી શોધી, ઑફિસમાં, બૅન્ક વોલ્ટમાં, ઘરમાં પણ મળી નહી. અમને થયું ચાલોને letusask ગુરુદેવ. અમે

પૂછ્યું તો કહ્યું, ''જુઓ ઘરમાં જ હશે.'' અમે ફરીથી તપાસ કરી પણ ન મળી. ત્રણેક મહિના પછી ફરી પૂછ્યું તો ગુરુદેવે કહ્યું. ''શોધો ઘરમાં જ છે. લીલા કવરમાં છે'' સામે દિવાળી આવતી હતી. ઘરની સાફસફાઈ કરવા કબાટના ડ્રોઅરમાંથી એક કવરમાં સાચવી રાખી હતી અને એ કવર પણ લીલા રંગનું જ હતું.

અમારો બીજો અનુભવ તમને જણાવું. મારી દીકરી લગભગ દસેક વર્ષની હશે. પેટમાં ખૂબ દુખતું તેથી ડૉક્ટરની સલાહ લીધી. ડૉક્ટરે એપેન્ડિક્ષનું ઑપરેશન કરાવવાનું કહ્યું. અમે હૉસ્પિટલ, સર્જ્યન, ડેટ વગેરે નક્કી કરી લીધું. એ અરસામાં ગુરુદેવ મુંબઈ આવ્યા હતા. અમે સહુ દર્શન કરવા ગયા. સહજતાથી વાત કરી. બેબીને નેક્સ્ટ વીકમાં ઑપરેશન કરવાનું છે. ગુરુદેવે કહ્યું, ''આપણે ઑપરેશન નથી કરાવવું.'' બેબીને બોલાવી પેટ ઉપર હાથ ફેરવ્યો. બસ. 'આજની ઘડીને કાલનો દહાડો' દર્દ ગાયબ.

અમને તો આવા કેટલાય અનુભવો થયા છે. અમારા સદ્‌ગુરુની દિવ્ય દૃષ્ટિ. ગોચર-અગોચરનાં ગૂઢ રહસ્યો. જેના અમે સાક્ષી છીએ.

આપણાએકનાગરબહેનનોજઅનુભવ જણાવું. એમનાં લગ્ન પછી એક દીકરાનો જન્મ થયો. લગભગ બે વર્ષનો હશે ત્યાં અકસ્માતથી મૃત્યુ પામ્યો. ગુરુદેવના પરિચયમા તો હતાં. પરિવાર ગુરુદેવને મળ્યો. ગ્લાનિ સાથે માનું - મમતાનુંહૃદય રડીપડ્યું ''આમકેમ થયુંગુરુદેવ?'' ગુરુદેવેશાંતપાડ્યા પછીકહ્યું,''એક વર્ષપછીઆ દીકરો થઈ ફરી પધારશે.'' આજે એ નાગર સન્નારીનો દીકરો ૨૮ વર્ષનો ભણેલ ગણેલ સુંદર નવયુવાન છે.

ગૂઢ રહસ્યની એક વાત કરું, યુ.એસ.એ.માં એક ભક્ત પરિવારે હાઉસ ખરીદ્યું, ઘરમાં રહેવાનું શરૂ કર્યું, પણ પછી તો ઘરના દરેક સભ્યોને અગમ્ય અનુભવો થવા માંડ્યા. ઘરના બેઝમેન્ટમાં રાત્રે કંઈક વાસણ કે મોટી વસ્તુ પડી જવાના અવાજો આવે. કોઈ ન હોય છતાં પણ હલનચલન જાણે કે કોઈની હાજરી વર્તાતી લાગે. ભક્ત પરિવારે ગુરુદેવનો સંપર્ક કર્યો. ગુરુદેવે ધ્યાનમાં જોયું કે આ પહેલાં એક બ્રિટિશ પરિવાર રહેતો હતો. તેમાં કિશોરાવસ્થાનો પૌત્રએ બેઝમેન્ટમાં પોતાના દાદાને મારી નાખ્યા હતા તેથી આવા અનુભવો થાય છે. અતૃપ્ત, દુઃખી આત્માની હાજરી - કનડગત થઈ રહી હતી. પરિવાર ખૂબ ડરી ગયો, પણ સહુને ગાયત્રી મંત્ર રટણ કરવા કહ્યું અને સ્પેશિયલ અભિમંત્રિત કરેલ જળ ગુરુદેવે બનાવી આ પરિવારને આખા ઘરમાં છાંટવા જણાવ્યું. પરિવારે એ પ્રમાણેકર્યુંત્યારબાદઆવાવિચિત્રઅનુભવોબંધ થયા. આજે પણ એ પરિવાર સુખી છે.

અમારા તો એ સદ્‌ગુરુ છે. તેઓ કહે છે પોતાની જાત ઉપરનો આત્મવિશ્વાસ તો સારો જ છે, પરંતુ ઈશ્વર ઉપર વિશ્વાસ એનાથી પણ ઉત્તમ છે. કારણ આત્મવિશ્વાસ ઑવર કૉન્ફિડન્સમાં ક્યારે પરિવર્તિત થઈ જાય છે એ ખબર નથી પડતી અને

વિપરીત સંજોગોમાં આત્મવિશ્વાસ ડગમગી જાય છે

તેઓ પ્રભુ ઉપર શ્રદ્ધા અને આપણા અહમ્‌ને ઓળખીને અળગો કરવો. એના ઉપર ભાર મૂકે છે.

સંતવાણી ખૂબ ગહન હોય છે, સાંકેતિક હોય છે, સચોટ હોય છે

''હમણાં છ-આઠ મહિના રોકાઈ જાવને!!!''

આ શબ્દો ગુરુદેવના હતા. એક બહેનને પોતાની દીકરી માટે એક મુરતિયો પસંદ પડ્યો. દુન્યવી દૃષ્ટિએ બધું જ સરસ હતું. બન્ને પરિવારોને પણ અંદર ખાનેથી પસંદ હતું. એ બહેન ગુરુદેવને જાણતાં. એમને શુભ વિચાર આવ્યો. હોંશથી ગુરુદેવને પૂછ્યું, ''ગુરુદેવ બધું જ સરસ છે. તમારું શું કહેવું છે? અમે નક્કી કરી દઈએ ને!! તમે આશીર્વાદ આપો.''

ગુરુદેવે કહ્યું, ''છ-આઠ મહિના રોકાઈ જાવ ને !!! આપણે શું ઉતાવળ છે?'' બહેનને થયું ઠીક છે. કોઈ બહાનું કાઢી છ-આઠ મહિના સગાઈ ઑફિશિયલી બહાર નહિ પાડીએ, પણ એ જ અરસામાં એ નવયુવાન રેલવે પ્લૅટફૉર્મ ઉપર અકસ્માતે ગુજરી ગયો.

આ બનાવ તો બનવાનો જ હતો, પણ જે બહેન હોંશથી પોતાની દીકરી માટે નક્કી કરવાનું વિચારતાં હતાં તે બચી ગયાં.

એ વાત તો સત્ય છે આપણે દુન્યવી મનુષ્ય આપણને શું ગમે છે એ જ જોઈ શકીએ છીએ. જ્યારે આવા આર્ષદૃષ્ટિ સભર કરુણા, પ્રેમ જેમના રગેરગમાં વહેતા હોય છે એવા સંતો તો આપણે માટે શું ઉચિત છે, શેમાં આપણું હિત સમાએલ છે એ તરફ જ એમનું લક્ષ હોય છે.

તર્કવિતર્કમાં જ રચ્યાપચ્યા રહેનાર વ્યક્તિને આવા વિષયોમાં રસ ના પડે એ બહુ સ્વાભાવિક છે. આધ્યાત્મિક જ્ઞાન એ મેધા પ્રજ્ઞા છે બુદ્ધિથી પર છે.

**પ્રગતિમહેતા**

# મધ્યપ્રદેશનાંજંગલોમાં

'ભગવદ્ગોમંડલ'માં 'સથવારા' શબ્દનો અર્થ આપેલો છે – 'સંગાથી, સાથ'. સફરમાં જે સાથે છે તે સથવારો. પછી તે જીવનસફર કેમ ન હોય! ભવાટવિમાં ભૂલા પડેલા માનવીને કોનો સંગાથ તેની પરમ શાંતિની મંજિલે પહોંચાડી શકે? આવો શક્તિશાળી સંગાથ એક જ હોઈ શકે- આખી સૃષ્ટિના સર્જક પરમપિતાનો. જ્યારે જીવનસફરમાં અંધકાર છવાઈ જાય અને લાગે કે, 'બધાં જ દ્વાર બિડાઈ ગયાં છે'- ત્યારે આ પરમતત્ત્વજે રીતેભાંગતી રાતેપ્રભાતનો ટશિયો ફૂટે અને ધીમેધીમે ઉજાશ તેનું સામ્રાજ્ય કાયમ કરે છે, એમ આશાનું કે સમજણનું એક કિરણ આપી પરિસ્થિતિ પલટાવી દે છે!

આવો જ મારા જીવનનો એક અનુભવ! થોડે થોડે વખતે મનમાં એમ થઈ જાય કે 'જંગલો બોલાવે છે'- અને મન ઊપડે જંગલો ખૂંદવા. આવા જ જંગલના સાદને અનુસરીને અમે ઊપડ્યાં ભારતના હૃદય એવા મધ્યપ્રદેશની સફરે. કાન્હા બાંધવગઢનાં જંગલોને આત્મસાત કરવાં!


સૌ પ્રથમ મૈહરમાં મા શારદાને માથું નમાવીને બાંધવગઢ જવાનો અમારો કાર્યક્રમ. એ મુજબ નિયત સમયે મૈહર પહોંચ્યાં. અહીં મા સરસ્વતી કાળા આરસની મૂર્તિરૂપે પ્રતિષ્ઠિત છે. અહીંથી બાંધવવગઢ લગભગ ૭૨ કિ.મી. છે. સમજોને કે દોઢ-બે કલાકનો રસ્તો. મૈહરથી નીકળ્યાં ત્યારે બપોરે ૧૨-૩૦ થતા હતા. હતું કે લગભગ ૨.૦૦ વાગ્યા સુધી બાંધવગઢ પહોંચી જશું.

ખબર ન પડી, શું ભૂલ થઈ, ડ્રાઈવરે ક્યાં ખોટું ચલાવ્યું અને અમે ભૂલાં પડી ગયાં. ગમે તેટલી ગાડી ચલાવીએ સામે નદી આવી જાય. ત્યાંના લૉકલ લોકોના કહેવા પ્રમાણે અમે સોન નદીના ડૂબ પ્રદેશમાં આવી ગયાં. ફરીફરીને સામે સોન મળવા આવી જાય...

રસ્તામાં જે મળે એને રસ્તો પૂછીએ તો જવાબ મળે.. 'અરે.. આપ તો પૂરે ઘૂમ ગયે હૈ.' અથવા તો હાથનું નેજવું કરીને જવાબ આપે 'યહાં સે.. ઈધર મુડ જાના'.. એ રસ્તેથી તો અમે આવ્યાં હોઈએ!

આમ ફરતે ફરતે બ્યોહારી, બાણસાગર જેવાં અંતરિયાળ ગામડાં વટાવ્યાં. રસ્તો પણ કેવો! એને 'રસ્તો' કહેવા કરતાં 'પથરાળ કેડી' કહેવી વધુ યોગ્ય લાગે. કલાકના ૧૦ કિ.મી.ની 'એવરેજ' માંડ આવે! હવે તો સૂર્યનારાયણ પણ અસ્તાચળે ચાલ્યા ગયા. નવેમ્બર મહિનાની આખર, એટલે જરા વારમાં ઘટ્ટ અંધારું જામી ગયું.

અંધારામાં નાની ઝૂંપડીઓમાં ફાનસ બળતાં



ગાડી ચલાવ્યે જતાં હતાં, ત્યાં ઓચિંતો ગાડીની હેડલાઈટનો પ્રકાશ સામે પડતો બંધ થઈ ગયો. સામે કાળુંડિબાંગ ઘનઘોર અંધારું. કાંઈ દેખાય નહીં. પપ્પાએ તાત્કાલિક ડ્રાઈવરને ગાડી રોકવાનું કહ્યું. ગાડી ઊભી રાખીને બેટરીને સહારે થોડું પગે ચાલીને શું જોયું? સામે વિશાળ જળરાશિ!! એ બંધ બાંધ્યા વગરનો ડેમ હતો. કાળાં પાણી જોઈને એવો ફડકો પડી ગયો. ઘટ્ટ કાળાં અંધારાંમાં ગાડી ઊભી રાખવાની પ્રેરણા પપ્પાને ઈશ્વરે ન આપી હોત તો ગાડી ડેમમાં પડી ગઈ હોત. એ અંધારી રાતે – કૃષ્ણ પક્ષની રાત હતી. ગાડી ક્યાં ગઈ એય કોઈ જાણી શક્ત નહીં. આ ઘટના રોકનાર સથવારો પરમનો જ ને!! પરમશક્તિએ જાણે આડા હાથ દઈ દીધા. પોતાની બનાવેલી સૃષ્ટિમાં હજી રાખવાં હશે ને !!

પછી તો બ્યોહારી નામના ગામમાં રાત રોકાઈ, બીજી સવારે પાછી કૂચ આરંભી. પાછા એ જ જવાબ. 'રસ્તા તો હૈ. મગર નાવેં ચલતી હૈ. આપકી ગાડી નહીં જાયેગી.' આમ ફરીફરીને છેક બપોરે ૨.૦૦ વાગ્યે બાંધવગઢ પહોંચ્યાં. સોને અમને પૂરા ૨૪ કલાક 'બાન'માં રાખ્યાં.

જો પરમનો સથવારો ન હોત તો અમે મધ્યપ્રદેશના સોન નદીના એ અજાણ્યા ડેમના તળિયે કાળમાં પોઢી ગયાં હોત. એ સથવારે નવો અનુભવ આપ્યો અને એ જ પરમશક્તિમાં અવિચળ શ્રદ્ધા રાખવાનો કદી ન ભુલાય એવો સંદેશ આપ્યો! સમગ્ર સૃષ્ટિને 'જીવન' આપતી એ પરમ શક્તિને હૃદયપૂર્વકનાં વંદન!!

**ભારવીવૈદ્ય**



# સરનામું

નરસિંહ મહેતાનાં સંતાન આપણે સૌ. આપણે તો પળેપળ પરમના સથવારે હોવાની પ્રત્યક્ષ અનુભૂતિ તો કરતાં જ હોઈએ. છતાં પરસ્પર વાગોળવાનો આનંદ આ માધ્યમથી થાય અનેશ્રદ્ધાનાશિખર પરસુવર્ણકળશ ચડે,એથી રૂડું શું?

જેણે એકોતેર કુળ તારવાનું ભગવાન પાસે વચન લીધું અને જેની હૂંડી સાક્ષાત શામળિયાએ આવીને ચૂકવી, તે નરસૈયાનાં આપણે સંતાન. અલબત્ત, શરત એટલી કે શ્રદ્ધા એના જેટલી હોવી જ જોઈએ અને તો અવશ્ય પરમના 'સાથે ' હોવાની અનુભૂતિ થતી જ રહે, એમાં કોઈ શંકા જ નથી .

હું રહ્યો ગુજરાતના છેવાડે કચ્છમાં. ૧૯૮૩માં ૪૦૦ કિલોમીટર દૂર ગાંધીનગર - અમદાવાદની કન્યા સાથે લગ્ન થયાં. કન્યાએ સ્ટાફ સિલેકશનની અઘરી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને



કેન્દ્ર સરકારની ઑડિટરની જગ્યા પર નોકરી મેળવેલી ને તેની કચેરી તો માત્ર અમદાવાદ ને રાજકોટ. હું કચ્છની ગ્રાન્ટેડ ઉચ્ચ માધ્યમિક શાળાનો શિક્ષક.

મારી પાસે તાલીમી અનુસ્નાતકની લાયકાત, પૂરતો અનુભવ અને રાષ્ટ્રીય કક્ષાનાં પ્રમાણપત્રો અને બીજું બધું ખૂબ હતું, પણ તે સમયે અમદાવાદમાં શિક્ષકની નોકરી મેળવવાનો ભાવ ત્રણથી પાંચ લાખ હતો. આચાર્ય થવા માટેની ટ્રસ્ટીનાં નિકટનાં સગાં હો તો જ. ઉપરની લાયકાત ન હોવાથી મારા માટે આ અશક્યતાને સાથે લઈને પ્રયત્ન કરવાના હતા. વિજ્ઞાપનો જોવાની, ઈન્ટરવ્યૂ આપવાના, સંચાલકોને મળવાનું. એક વર્ષ, બીજું વર્ષ... ત્રીજું... ચોથું... સમયદેવતા બરોબરની કસોટી કરાવતા રહ્યા.

એક નાનકડા પ્રયત્નના ભાગ રૂપે રાજ્યના એક મંત્રીશ્રીને પરિસ્થિતિ વર્ણવી ને સહાય કરવા લખ્યું.સરકારી રાહેમંત્રીશ્રીએ મારીઅરજી શિક્ષણ વિભાગની વડી કચેરીને મોકલી આપી. સામાન્ય રીતે રોજેરોજ આ રીતે આવતી અસંખ્ય અરજીઓમાંથી કોઈકજ અરજીવંચાતી હોયછે, પણમારી અરજી ત્યાંના શ્રેયાનુ કારકુન શ્રી મહેશભાઈ ત્રિવેદીના હાથમાં ગઈ. મારી અરજીના પ્રારંભમાં જમણી બાજુ મારું સરનામું - નવાપુરા, માંડવીલ કચ્છ - લખેલું હતું... શ્રી મહેશભાઈએ સરનામું વાંચ્યું. - યોગાનુયોગ તો જુઓ - તેમનું પૈતૃક ઘર પણ નવાપુરામાં! આમ તો તેઓ વર્ષોથી અમદાવાદ રહેવા આવી ગયેલા, આ સરનામું વાંચીને કોણ જાણે કેમ પણ તેમને પોતાનાં શૈશવનાં સ્મરણો તાજાં થયાં. સંકેત ગણો તો તે. તેમની નજર અરજીના અક્ષર પર પડી પૂરી વાંચી. તેના પર ઉચિત પગલાં લેવાં શરૂ કર્યાં.

વાત અહીં પૂરી નથી થતી. પરમનો સથવારોહજીસાથેજહતો.તેઓઅમદાવાદની જિલ્લા શિક્ષણાધિકારીની ક્ચેરીમાં બદલાયા, નવા સ્થળે નવી વ્યવસ્થામાં તેઓ ગોઠવાયા. નિયમાનુસારકાર્યથાયતેનાઆગ્રહી. પ્રામાણિક અને અતિનિષ્ઠાવાન હોવાથી સંચાલકોમાં તેનો આદર રહ્યો. એક પ્રતિષ્ઠિત સંચાલકથી અનાયાસે મહેશભાઈની સામે બોલાયું, ''મારા જેવું કામકાજ ક્હેજો.'' અને ફરી પરમનો સંકેત – મહેશભાઈની સામે – નવાપુરા, માંડવી ક્ચ્છ –વાળી મારી અરજી આવી ગઈ. મહેશભાઈએ ઉત્તર વાળ્યો, ''મારા એક પૂરી લાયકાતવાળા મિત્રને અમદાવાદ આવવું છે.

''હવે એ કામ મારા પર છોડી દો.'' બોલી સંચાલક ગયા. પ્રક્રિયા ચાલી ઇન્ટરવ્યૂ થયો. સાચી રીતે પ્રમાણપત્રો – લાયકાત જોવાયાં ને અમદાવાદની મોટી હાઈ સ્કૂલનો આચાર્ય બન્યો! કોઈ સાથે ન પૂર્વ ગાઢ પરિચય કે ન વ્યવહાર – છ્તાં ગૌરવપૂર્વક પ્રાપ્તિ. આ માત્ર અને માત્ર ઈશ્વરનો સાથ હોય તો જ થાય.

લગભગ સંપૂર્ણ અશક્ય એવી ઘટના. ન ઓળખાણ, ન પિછાણ એવા શ્રી મહેશભાઈના પૈતૃક સ્થળના સરનામાએ અમારા જીવનમાં એવો તો ચમત્કાર સર્જ્યો કે ગુજરાતનાં મોટાં શહેરમાં બન્ને ઉચ્ચ હોદ્દા ભોગવી ને પંદર–વીસ વર્ષ સરકારી સેવા ક્રી, સેવાનિવૃત્ત થયા. પુત્ર ઉત્તમ શાળા–કૉલેજોમાં ભણી હોમિયોપેથિક ડૉક્ટર અને પ્રાધ્યાપક બન્યો. આ બધું પરમના સાથ વગર ન જ બનીશકે. –ક્દાપિ નજ બનીશકે. યાદછે, પેલી લઘુક્થા? – પૂરમાં સપડાયેલા માણસે પ્રભુને બૂમ પાડી; તું કેમ નથી આવતો?' ત્યારે પ્રભુએ ઉત્તર વાળ્યોકે 'પડછાયામાંજે બેપગ દેખાયછે તેમારા પગ છે. મેં તને ઊંચક્યો છે.' – અનેક સંઘર્ષ ક્રી, થાકીને જ્યારે માણસ ઈશ્વરને પોકારે ત્યારે ઈશ્વર જાતે આવીને ક્હે', હું તો ક્યારનોય – પહેલેથી તારી સાથે હતો. તેં મને હમણાં યાદ કર્યો.'

''આવશે કે નહિ આવે, મદદ ક્રશે કે નહિ ક્રે'' ને બદલે ''આવશે જ અને આવવું જ જોઈએ''ની ભૂમિકામાંજરહીએ.અલબત્ત આપણીજીવનશૈલી અને વ્યવહાર પણ એવા જ પનોતા પુત્ર ને લાયક હોવા જોઈએ.

ગીતાજીમાં સ્વમુખે આપેલાં અનેક વચનો શ્રદ્ધાપૂર્વક અવશ્ય યાદ રાખવા જેવાં છે.' દરેક્ના હૃદયમાં હું બેઠો છું.' – યોગ ક્ષેમં વહામ્યહં ' વગેરે.

ફરી પિતામહ નરસૈંયો યાદ આવે – સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, સંત સૂએ ત્યારે જાગું રે.

પ્રત્યેક સવારે એના પરની શ્રદ્ધાનો સાથિયો પૂરીને જાગીએ ને રાત પડતાં જ વિશ્વાસનો શ્વાસ લઈ વીરમીએ તો જીવનના પ્રત્યેક વર્ષ, દિવસ ને પળેપળ પરમના સથવારે જ વીતે. અસ્તુ .

**દિનેશમાંક્ડ**

# 'પ્રકાશનીએકબારી'

આ વિષયની શરૂઆત હું શ્રીમતી કુન્દનિકાબેન કાપડિયાનું પ્રાર્થનાઓનું ખૂબ જાણીતુ પુસ્તક ''પરમ સમીપ''થી કરીશ..

''હે પ્રભુ સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું એ મને શીખવ.

બધી બાબતો અવળી પડ્તી હોય ત્યારે હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.

મારે માટે તે જે નિર્માણ કર્યું હોય તે આનંદથી સ્વીકારી શકું, એવા સમર્પણભાવમાં મને લઈ જા

મારી પીડાઓને વાગોળવાથી, મારી જાતની દયા ખાવામાંથી મને બહાર કાઢ, તું મારા માટે પ્રકાશની એક બારી ઉઘાડ.

અને આ પ્રાર્થના જેવું જ હમણાં મારા જીવનમાં બન્યું. આમ તો ઘણી વિકટ પરિસ્થિતિઓનો સામનો મેં હસતે મોઢે અને હિમ્મતથી કર્યો છે, પણ મારા જ જીવનમાં આવી ક્ષણ આવશે – એવો તો મેં સપનામાં પણ વિચાર નો'તો કર્યો – ગયા મહિને મારી દીકરીને ત્યાં હું Toronto આવી. મારા બેંગલોરના એક મિત્રના દીકરાનાં પણ લગ્ન હતાં. એ લોકો અને મારાં દીકરી–જમાઈ airport ઉપર લેવા આવેલાં બધાં ઘેર આવ્યાં. લગ્નની ખૂબ વાતો કરી – અને પાછા Weekendમાં મળશું એમ કહીને બધા છૂટા પડ્યા. હું નહાવા માટે ઉપર ગઈ. મારી દીકરી પણ સાથે હતી, પણ જેવી હું રૂમમા દાખલ થઈ અને મને ચક્કર આવ્યા – શરીર મારું થોડું ઝૂક્યું અને મારા ચહેરાના હાવભાવ – અને મારું બોલવાનું પણ થોડું વિચિત્ર થઈ ગયું. મારી દીકરી



તરત સમજી ગઈ કે મને Stroke આવ્યો છે. Strokeની સમયમર્યાદા તો ફક્ત દશ સેંક્ડ જ રહી હશે, પણ એની ગંભીરતા એને સમજાઈ ગઈ. તરત જ એણે ૯૧૧ બોલાવી emergency માં હૉસ્પિટલ લઈ ગઈ. એ પોતે Pharmacist છે એટલે બધું બહુ ઝડપથી થયું. બપોરના બેથી રાતનાબે વાગ્યાસુધી બધી tests ચાલી- અને મારાનખમાંપણરોગનહોતો.એ Citiscanમાં મારી જમણી બાજુની artery જેને Carotid artery કહેવાય એ ૧૦% block હતી અને ડાબી બાજુની ૭૦% block હતી. જો Surjery પંદર દિવસમાં ન થાય તો મારા જીવને જોખમ હતું. કાં તો બીજો મોટો Stroke આવે અને કાં મારી અમૂલ્યજિંદગીનોઅંત આવે.નિર્ણયતાત્કાલિક લેવોબહુ અગત્યનોહતો. ત્યારેભારતમાં રહેતો મારો દીકરો Officeના કામ માટે ઑસ્ટ્રેલિયાની ફલાઈટમાં હતો. મારી વહુ દિલ્હી હતી. એના મારફત દીકરાને પરિસ્થિતિની ગંભીરતા જણાવી. કારણ time zoneમાં એને Contact કરવો બહુ અઘરો હતો. અહીંથી દુનિયાના જુદા જુદા ખૂણામાં રહેતાં અમારા ડૉક્ટર્સ, સગાં-વહાલાં, મિત્રોને reports મોકલ્યા અને બધાનો મત પડ્યો કે Surjery તો Torontoમાં જ કરાવવી. ભારત પાછા આવવામાં ભય હતો.

હવે અહીં ડૉક્ટર્સની appointment મળવી તો ઘણી અઘરી હોય, પણ મારી દીકરીના એક મિત્ર છે. એ ડૉક્ટર છે, એ અહીંના બહુ પ્રખ્યાત Vascular Surjan છે એમણે મને બે દિવસ પછીની appointment આપી. જાણે માતાજીએ મારા માટે આ જ plan બનાવ્યો હોય એવું લાગ્યું. મારી જિંદગીના જાણે દરવાજા ખૂલી ગયા. ડૉક્ટરને મળતાં એમણે પણ Surjeryની ગંભીરતા સમજાવી. anything can happen during the surjery એમ કહ્યું પણ હું ખૂબ નચિંત હતી - કારણકે માતાજીમાં મને અખૂટ શ્રદ્ધા હતી - મને એવું લાગ્યું કે જાણે મારા શરીરની આજુબાજુ એક દૈવી રક્ષા કવચ લાગી ગયું છે કે જે મને કાંઈ જ નહી થવા દે. ડૉક્ટર પોતે પણ ફરિસ્તા જેવા જ હતા મેં મનોમન નક્કી કર્યું કે મારે ઘરના વાતાવરણને એકદમ હળવું રાખવું છે કે જેથી દીકરી-જમાઈ-દોહિત્ર બધાં ચિંતામુક્ત રહે. એ લોકો પણ મારી સાથે Strong Pillars જેવા ઊભાં રહ્યાં. Surjery પહેલાં અને Operation theaterમાં પણ ઘણા રમૂજી બનાવો બન્યા - ચાર કલાક Surjery ચાલી અને બીજે જ દિવસે હું ખૂબ માતાજીનો આભાર માનતી ઘેર આવી. હું પહેલાં હતી એવી જ હળવી થઈ ગઈ - પણ ત્યારે મને થયું કે તમારી ''પરમ સમીપે'' આવીને તમારો હાથ ઝાલે એને માટે શ્રદ્ધા-સબૂરી અને ખરા મનથી પ્રાર્થનાકરવીજરૂરી છે.અત્યારેઆ લખીરહીછું. ત્યારે પણ મારા રૂંવાડાં ઊભાં થઈ ગયાં છે. અંતમાં.

God always has something for you. A key for every problem a light for every shadow a relief for evry sorrow. and a plan for every tomorrow.

મારે માટે ભગવાને આ જ devine plan નિર્માણ કર્યો છે. ''ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈજા''...

**વિશાખાઆર.પોટા**

# સ્વનોસાક્ષાત્કાર

**ઓમત્ર્યમ્બકમયજામહેસુગંધીમપુષ્ટિવર્ધનમ્**
**ઉર્વારુકમેવબંધનાંનમૃત્યોરમોક્ષીયમામૃત્તઃ**
**ઓમશાંતિઃશાંતિઃશાંતિઃ**

મનશુદ્ધિ કેનકારાત્મક ઊર્જાનેદૂર કરવા તથા મૃત્યુ પામેલાના આત્માની શાંતિ માટે સ્મશાનમાં મંત્રનો ધ્વનિ ગૂંજી ઊઠ્યો. અક્ષય આજે સ્મશાને ગયો હતો. તેમના કુટુંબમાં કોઈ નજીકની વ્યક્તિનું મૃત્યુ થયું હતું. અક્ષય સ્મશાન પાસે પહોંચ્યો ત્યાં અચાનક તેના પગ થોભી ગયા અને એક અવાજ સંભળાયો, ''જા આપી દે અગ્નિદાહ.'' ''આ તે કેવો અવાજ?'' અક્ષય વિચારવા લાગ્યો. અંતર આત્માનો અવાજ આપણે સાંભળી શકીએ છીએ, જેના દ્વારા જીવનનો કોઈ પાઠ સમજવાનો પ્રયત્ન થતો હોય છે, પરંતુ અંતર આત્માએ આપેલા દરેક સંકેતને આપણે સમજી શક્તા નથી. અક્ષય સાથે પણ કંઈક આવું જ બન્યું.

અક્ષય આગળ વધ્યો અને ફરી અવાજ સંભળાયો, ''અંતે તો રાખ જ બની વહી જવાનું છે.'' પણ આ કેવો અગ્નિદાહ અને શું રાખ બનવાનું એ અક્ષયને સમજાતું ના હતું. સ્મશાનમાં કુટુંબના સભ્યની અંતિમક્રિયા પૂર્ણ કરી અક્ષય સ્મશાનની બહાર નીકળ્યો ત્યાં તેનું ધ્યાન એક ભાઈ પર પડ્યું. સફેદ કપડાંમાં ચહેરો પણ ઓળખી ના શકાય એવો અને લઘર-વઘર કપડાંમાં ઉભડક બેઠેલા જર્જરિત દેહવાળા ભાઈએ અક્ષય સામે હળવું સ્મિત કરી કહ્યું, ''દુનિયાનો ક્રમ છે, તારું પણ આ જ થવાનું છે, જે હશે એ છૂટી જવાનું છે, અંતે તો રાખ બની વહી જવાનું છે.'' પરસેવાથી રેબઝેબ અક્ષય માટે આજની આ પરિસ્થિતિ સમજણથી પરે હતી. પેલો અવાજ તેના કાનમાં સતત ગુંજી રહ્યો હતો. અક્ષય ઘર તરફ જવા રવાના થયો કે રસ્તામાં યમરાજા તેની રાહ જોઈ રહ્યા હોય તેમ અક્ષય એક ખટારા સાથે અથડાયો. અર્ધ બેભાન પરિસ્થિતિમાં માત્ર એટલું જ સંભળાઈ રહ્યું હતું કે ઈશ્વર પર શ્રદ્ધા રાખો પરમનો સથવારો જ ચમત્કાર કરી શકશે.

અક્ષય નહીં તો પરલોકમાં કે નહીં તો પૃથ્વીલોકમાં, એ બન્નેની વચ્ચેના લોકમાં હતો. સ્વભાવે અક્ષય નાસ્તિક, અક્કડ, અભિમાની, અહંકારી, દંભી, કેટલાયનાં સપનાંની ચિતા સળગાવી હૈયે ટાઢક રાખી બેસે તેવો હતો. કેટકેટલો સમજાવ્યો છતાંઅક્ષયમાંકોઈપરિવર્તનઆવ્યુંનહિ.સફળતા મળતાંની સાથે જ જાણે અક્ષયે વેશપલટો કર્યો હોય એમ પોતે સર્વોપરી અને બીજાને હંમેશા તુચ્છ ગણતો. ઈશ્વરસુદ્ધાંનું નામ પણ લેવાનો સમય ન હતો. અક્ષયને પોતાનામાં રહેલ ઘમંડ, દુરાચારી વર્તન, લોકોને પહોચાડેલાં દુઃખ, લાગણીનો તિરસ્કાર આ બધું જ એક ફિલ્મની જેમ નજર સમક્ષ ફરવા લાગ્યું. ભૂતકાળ તો ઠીક પણ જો અંતર આત્મા ભવિષ્ય બતાવી દે તો? અક્ષયને માટે એ જરૂરી હતું. અંતમાં એક સ્મશાનમાં અગ્નિદાહ અપાયેલી ચિતા જ દેખાઈ જેની આજુબાજુ કોઈ જ હતું નહિ. પેલા ભાઈ અને બે વાક્યો ફરી સંભળાયા અને અંતમાં એક પ્રકાશ સાથે એટલું સંભળાયું કે ''હજી પણ એક મોકો છે', કે તરત જ અક્ષય ભાનમાં આવી ગયો જે ચમત્કાર જ

કહી શકાય. અક્ષયની આંખ ખૂલી ગઈ અને સફાળો ઊભો થઈ ગયો. ઘડિયાળમાં જોયું તો બ્રાહ્મમુહૂર્ત. સવારના ૪:૩૦. હવે અક્ષયને ઘરે લઈ જવાની પરવાનગી ડૉક્ટરે આપી અને અક્ષય ઘરે આવ્યો. એ દિવસે તેનો જન્મ દિવસ હતો. ૧૩મી તારીખ અને તિથિ હતી અક્ષય તૃતિયા ને કદાચ એટલે જ તેનું નામ અક્ષય રખાયું હશે. ઈશ્વરે જાણે તેને નવી સવાર અને પ્રકાશના નવા કિરણથી પ્રકશિત નવી જિંદગીની ભેટ આપી.

સવારે નાહીધોઈને અક્ષય જાણે કર્મોનો હિસાબ સમજી ગયો હોય એમ મંદિર પાસે હાથમાં ચોખા અને કપૂર સળગાવી ઊભો હતો અને મંત્ર બોલી રહ્યો હતો. જે વ્યક્તિ દીવો પણ ના કરે, એ આજે મંદિર સામે ઊભો રહી મંત્રોચ્ચાર કરે છે જે તેની પત્ની માટે નવાઈ પમાડે તેવું હતું. એટલી વારમાં અક્ષયેહાથમાંરહેલા કપૂરઅનેચોખાની રાખથતા શરીરે લગાવી જાણે પોતેપોતાને અગ્નિદાહ આપતો હોય. આજનો આ જન્મદિવસ અક્ષય માટે નવો જન્મ લઈને આવ્યો. તેને પોતાની સાચી ઓળખ થઈ. અક્ષયે પાણીની ચમચી ભરી સંકલ્પ કર્યો કે તેણે કરેલા ખરાબ વર્તન અને કેટલાંયનાં સ્વપ્નની ચિતાને આપેલા અગ્નિદાહને ઠારી શાંત કરી ફરીથી નવું જીવન જીવવુંછે.કારણકે,''જે કંઈછેતેછૂટી જવાનુંછે, અંતે તો રાખ બની વહી જવાનું છે.''

**કૌસુમીનાણાવટી**

# પરમને સથવારે

આજથી ૪૫ વર્ષ પહેલાંની આ વાત છે. ત્યારે અમે બન્ને સરકારી હૉસ્પિટલમાં મેડિકલ ઑફિસર હતાં. ૩ દિવસની રજા મળતાં અમે ઉના-તુલસીશ્યામનો પ્રવાસ ગોઠવ્યો. એ તરફ ક્યારેય ગયા ન હોઈ, રાજકોટ-ઉનાની બપોરે ૨.૩૦ની બસ પકડી અને સાંજે ૫થી ૬ વાગે ઉના પહોંચવાની ધારણા રાખી, પરંતુ અમારી ધારણા ઠગારી નીવડી. બસ પણ પેસેન્જર ટ્રેઈનની જેમ દરેકનાનાંસ્ટેશનેપણઊભીરહેતીચાલી.રાત ઘેરાતી ગઈ. ઉનામાં સરકારી ગેસ્ટ હાઉસમાં સરકારી ઑફિસરની રુએ રોકાવા મળી જ જશે તે ધરપત હતી.

રાત્રે ૧૦.૩૦ વાગે ઉના આવ્યું. ૮ કલાકની મુસાફરીનો થાક હતો. બસ એક ચોકમાં આવીને ઊભી રહી અને કંડક્ટરે તે અંતિમ સ્ટેશન હોવાનું જણાવ્યું. અમે અને બીજા પાંચ સાત ઉતારુઓ ઊતર્યા. કંડક્ટર પાસેથી જાણવા મળ્યું કે સરકારી ગેસ્ટ હાઉસ બાજુની શેરીમાં જ હતું. મનમાં હાશકારો કરતાં અમે ત્યાં પહોંચી, રાત્રીફરજ પરના સ્ટાફને પૂછતાં તેણે નિરાશ કર્યા. સવારે કોઈ મોટા અમલદારોનું બુકિંગ થઈ ગયું હતું. સિવિલ હૉસ્પિટલમાં સાહેબ, સાહેબ સાંભળવા ટેવાયેલા ત્યારે અમે લાચાર થઈ નજીકમાંકોઈનાનકડીહોટલહોયતોસારું એમ વિચારતાં રાતના ઝાંખા પ્રકાશમાં ચોતરફ નજર કરવા લાગ્યાં. બે વરસની મીનળ પણ ખભાને ટેકે સૂઈ ગઈ હતી. ઘોડાગાડીવાળા પૂછવા લાગ્યા કે ''ક્યાં જવું છે સાહેબ.'' પણ સાહેબને ઉનામાં સમ ખાવા પૂરતા પણ કોઈ સરનામાની ખબર હોય તો ને !!

અચાનક ઝાંખા પ્રકાશમાં સાઈકલ પર આવતા કોઈ પડછાયા તરફ મારી અછડતી નજર ગઈ.

પણ....પણ.... આ શું? તે સાઈકલસવારે મારી સાવ નજીક આવી સાઈકલ પરથી ઊતરતાં મને એકીશ્વાસે પૂછ્યું ''ડૉ. અંતાણી સાહેબ!!'' સાંભળતાં જમારામાં આશાનોસંચાર થયો.કહ્યું, ''હા,હું જ ડૉ.અંતાણી''. હાથમાંમીનળને જાણેતેડી જનથી તેવી હળવાશ લાગી.

''મને ઓળખ્યો?''

''ના, માફ કરજો.''

'' હું આપનો પેશન્ટ!!''

''તમે? મારો પેશન્ટ? અહીં?''

હજી પણ અજાણી એવી એ વ્યક્તિ કહે, ''સાહેબ, હું અરવિંદ! યાદ છે?''

''ગયા વર્ષે તમે જ મારા પગની રસોળીનું ઑપરેશન કરેલું. હું રાજકોટ આવેલો અને ઓચિંતો મારી રસોળીમાં પાક થતાં અસહ્ય દુઃખાવો થવા લાગ્યો હતો અને આપે રસોળીનું ઑપરેશન કરી મને સાજો કર્યો હતો''.

મેં કહ્યું ''એ બધું બરાબર પણ તમે અત્યારે રાતના ૧૧ વાગે અહીં રસ્તામાં ક્યાંથી?''

તે કહે ''મારાં પત્નીને અત્યારે સુવાવડ આવેલ

છે અને હું તેને હૉસ્પિટલમાં ચા આપવા જાઉં છું, તમારે ક્યાં જવું છે?''

મેં કહ્યું ''અમને તો અહીની કાંઈ ખબર નથી. તું કોઈ સારી હોટલ હોય તો બતાવ.''

તે કહે ''આ ગામમાં તો એક નાની એવી હોટલ છે, પણ આપ મારા ક્વાર્ટર્સ માં જઈને સૂઈ જાવ ને''.

''અરે પણ અમને હોટેલ સુધી મૂકી જા ને!! મેં કહ્યું.

અરવિંદ કહે ''જુઓ સાહેબ, મારા ઘરવાળાં અને બા હૉસ્પિટલમાં છે અને હું પણ રાત્રે ત્યાં જ સૂઈ રહેવાનો''.

ઘણી સમજાવટ બાદ તે માન્યો અને અમને હોટેલ સુધી મૂકી, શક્ય એટલી ભલામણ કરી અને જતાં જતાં કહે ''યાદ છે મેં તમને ત્યારે કીધું તું કે હું અહીં સ્યુગર ફેક્ટરીમાં છું અને એક્વાર મારી ફેક્ટરી જોવા આવજો''.

અમે હોટેલમાં જ રાત રોકાયાં. વહેલી સવારે તે હોટલ પર આવ્યો. અમે નિત્યક્રમ પતાવીએ ત્યાં સુધી રાહ જોઈ પછી કહે ''ચાલો હવે મારી ફેક્ટરી જોવા''. શેરડીમાંથી ખાંડ કેવી રીતે બને છે તેનીસવિસ્તરમાહિતી અમેજોઈતેના કરતાંવધારે રસથી તેણે બતાવી. ત્યાર બાદ સાથે ચા-પાણી કરી અમેઆગળ તુલસીશ્યામજવાની ઈચ્છાદર્શાવી તો કહે ''હું સાથે બધું બતાવવા આવું''.

માંડ માંડ તેને સમજાવ્યો કે અત્યારે તારાં પત્નીને તારી જરૂર છે, તું અહીં જ રહે. અરવિંદ બસ સ્ટેશન સુધી સાથે આવ્યો. બસમાં બેસી તેને કહ્યું કે '' રાજકોટ આવે ત્યારે જરૂર ઘેર મળવા આવજે''.

બસ ઊપડી. નજર પહોંચે ત્યાં સુધી, હજી પણ કંઈ સેવા આપવાનું રહી ગયું હોય તેવા ભાવે અમને જતાં તે જોઈ રહ્યો. અમે પણ શંખ-ચક્ર-ગદા કેપદ્મ વિનાનાસાઈકલ આરૂઢપરમના સથવારાને દેખાય ત્યાં સુધી જોઈ રહ્યા.

**ડૉ.જયદીપઅંતાણી**

# અજ્ઞાતતારણહાર

પરમ તત્ત્વને સથવારે, કેટલો સુંદર વિષય.

ભાગ્યેજ કોઈ એવું હશે જેને આ પરમનો સથવારો ન સાંપડ્યો હોય. ફક્ત આપણે આપણાં બળ પર જીવી શકીએ એટલા સંપૂર્ણ આપણે નથી.

મને આવા ઘણા અનુભવ થયા છે, એમાંથી એક અહીં મૂકું છું.

આજથી લગભગ ૩૮-૩૯ વરસ પહેલાં જ્યારે મોટી દીકરી મીનળ આઠ કે નવ વરસની ને નાનો સૌરભ ચાર વર્ષનો હતો ત્યારે અમે ઉદયપુર, શ્રીનાથજી બાજુ ફરવા ગયાં હતાં.

શ્રીનાથજી પહોંચ્યા, દર્શન માટેનો દરવાજો બંધહતોને લોકોનીભીડઘણી, બધારાહજોઈ દરવાજા સામે ઊભા હતા. રાજકોટના મંદિરના અનુભવે અમે ધાર્યું કે દરવાજો ખૂલશે ને અમે દર્શન કરીશું,આથી મીનળનેકહ્યું તુંઆગળ ઊભીરહે એટલે તને બરાબર દેખાય,આમ કહી એને આગળ મોકલી અમે ત્રણ પાછળ ઊભાં રહ્યાં.

ત્યાં એક પંદર-સત્તર વરસનો છોકરો મારી પાસેઆવી કહે''મને નહિઓળખાતા હો,પણ તમારીસાથે હૉસ્પિટલમાંડૉક્ટર સુધાપારેખ છે તેનો હું ભત્રીજો છું. તમે તમારી બેબીને આગળ કેમ મોકલી? તમને ખબર નથી કે આ એક દરવાજો નથી, આવા તો ત્રણ દરવાજા એકસાથે ખૂલશે, ત્રણ બાજુથી. શ્રીનાથજીનાં દર્શન તો જમણી બાજુ આગળ જશો એટલે થશે. ત્રણ બાજુથી ખૂબ ધસારો થશે.''

એનું બોલવું પૂરું થયું ને દરવાજો ખૂલ્યો ને પાગલની જેમ બહેનો હે શ્રીનાથજી, હે શ્રીનાથજી કરતાં રીતસર દોડ્યાં,મારા પતિએ જલ્દીથી મીનળને વચ્ચેથી ખેંચી તેડી લીધી તોપણ બહાર લાવતાં ભીડ ને દરવાજા વચ્ચે માથું થોડું ભીંસાયું તો ખરું જ, ત્યારે તો હું (મારામાં રહેલી મા) એમ જ બોલી રડતાં રડતાં કે મારે દર્શન નથી કરવાં, પણ એ તો ક્ષણિક, પછી તો એ ભક્તોના સમૂહ ભેગા સ્વયમ્ આગળ ધકેલાતાં ધકેલાતાં શ્રીનાથજીની સુંદર મનોહર મૂર્તિ સામે પહોંચી ને આંખ ફરી ભીની થઈ, પણ ભાવથી. પછી તો એની આગળથી ખસવાનું મન નહોતું થતું.

બહાર જે છોકરા સ્વરૂપે આવેલ તે આ શ્રીનાથજી જ હતા ને અમારા જેવા અજ્ઞાન ભક્તની વહારે ધાયા, પણ ફરી ત્યાંના નિયમ પ્રમાણે દર્શન કરી તરત જ બહાર નીકળી જવું પડ્યું. ફરી ફરી ને પાછળ જોતી જોતી બહાર નીકળી ગઈ.

આજે પણ એ દિવસ યાદ આવે છે ને થાય છે ઓહ આ પરમનો સથવારો ન હોત તો શું થાત?

વારંવાર આ અને આવા પરમના સથવારાના પ્રસંગો યાદ તો કર્યા જ કરતી હોઉં, અહીં તમે શૅર કરવાની તક આપી એ માટે ખૂબ ખૂબ આભાર.

આ વિષય દ્વારા આપણો અહમ ને આપણી મર્યાદા કે આધુનિક વિજ્ઞાનની ઉપર કોઇ તત્ત્વ છે જ જેનો પાર આમ જ પામી શકાય બાકી તો આપણા ઋષિમુનિઓએ તો નેતિ નેતિ કહી આપણી મર્યાદા સ્વીકારી જ લીધી છે.

વિજ્ઞાનીઓ વરસોથી મથી રહ્યા છે બ્રહ્માંડનાં ઘણાંરહસ્યોઉકેલ્યાં,હજીઘણાંઉકેલશે,પણઆ પરમ તત્ત્વ તો આ રીતે જ એની હાજરી પુરાવશે, ને એ લોકોમાંથી ઘણા કબૂલે જ છે દા. ત. વૈજ્ઞાનિક સી. વી. રામાનુજ કે ક્ષણના ચમકારામાં અમે આ સિદ્ધિ પામ્યા છીએ.

સૌને આ પરમનો સથવારો કાયમ રહે એ પ્રાર્થના સાથે વિરમું છું.

**ડૉ.દક્ષાઅંતાણી**

# આવોમારીસાથે

આ વૈજ્ઞાનિક યુગમાં કોઈએ અંધશ્રદ્ધામાં માનવું જોઈએ નહીં. હું પણ નથી માનતો, પણ જ્યારે કોઈ આશાનો તંતુ રહ્યો ન હોય અને મૂંઝવણમાં હો ત્યારે ક્યારેક કોઈ પરમ શક્તિનો એવો સથવારો મળી રહે છે કે તમારે તેને માનવું પડે,નમન કરવાંપડે. મારીએક આવીજ સાચી વાત અત્રે રજૂ કરીશ.

ફેબ્રુઆરીની ઠંડી રાત હતી. હું મારા પુત્રને મૂકવાઅમદાવાદ ઈન્ટરનેશનલએરપોર્ટ ગયેલો. ડિપાર્ચરમાં કાર રાખી. પુત્ર ઊતર્યો અને એણે ટ્રોલીમાંબૅગ ગોઠવી.એણે 'સાચવીનેઘેર જજો' કહ્યું, મેં પિતાસહજ સૂચનાઓ આપી. રોજ કે સમય મળ્યે IMOથી મળવા કહ્યું. એ સહેજ નમી પગે લાગ્યો, મેં એના સુંવાળા વાળથી ભરેલા મસ્તક પર હાથ મૂક્યો. એ ટ્રૉલી લઈ અંદર ગયો, મેં કાર સ્ટાર્ટ કરી ઈશ્વરને એનો સમય સુખી વીતે એવી પ્રાર્થના કરી. મારી કાર શહેર તરફ જવા લીધી. રાતના સવા બે વાગેલા. ઇન્ટરનેશનલ ફ્લાઈટ ઉપડવાના અઢી કલાક જેવા બાકી હતા. આવનારા આવી ગયેલા, હવે પરત જનારા કોઈ નહીં હોય. હવે પહેલી ફ્લાઈટ્સ સવારે ૪.૩૦ આસપાસ આવવાની હતી તેથી આવનારા પણ બહાર હોવાની શક્યતા નહોતી. હું ટોલબુથ પર સ્લીપબતાવી આગળવધ્યો. સૂમસામરાત્રી. એ વખતે કોઈ આવનારું કે જનારું નહોતું મળ્યું. મેં શહેર ડાબી તરફ છે એમ વિચારી ડાબે ટર્ન માર્યો. હું બહુ જ ચોક્કસ હતો કે હું સાચા જ રસ્તે છું.

પણ આ શું? કોઈ મેંદીની વાડ આવી, સાઈડ પર વૃક્ષો આવ્યાં અને આગળ રસ્તો બંધ. સૂસવાટા મારતો પવન. મેં કાચ બંધ કર્યો. હવે આગળ કોઈ ડેડ એન્ડ લાગ્યો. મને ખયાલ આવી ગયો કે હું ખોટા રસ્તે છું. મેં યુ ટર્ન લીધો અને સ્પીડથી સીધો ગયો. એક ફૂલો ઉગાડેલા સર્કલને પાર કરી ફરી ટર્ન માર્યો. હવે આગળ રસ્તો થોડો વધુ આગળ જઈ શહેર તરફ જતો હશેએમવિચારીવધુ નેવધુઆગળગયો. દૂરકંઈ દેખાતું ન હતું. ડાબે દૂર કદાચ ઍરપોર્ટના ક્વાર્ટર હોઈ શકે એમ આજે લાગે છે, પણ મારી પટ્ટી પર કંઈ નહોતું. કોઈ ડેડ એન્ડ ફરીથી આવ્યો. આ રસ્તો નથી હાંસોલ જતો નથી કેન્ટોન્મેન્ટ! તો હું વળી ક્યાં ચડી ગયો? અહીં તો યુ ટર્ન પણ મરાય એવું ન હતું. આસપાસ સૂકું ઘાસ અને પૂરો થતો રસ્તો. થોડે દૂર કદાચ વળાંક લેતી ઈંટોની દીવાલ દેખાઈ. મેં કાર થોભાવી પાછળ અને આસપાસ જોયું. ખૂબ દૂર બ્લ્યુડાર્ટકુરિયરની ઑફિસનીલાઈટો દેખાઈ.હવે? મેં કાર થોડી રિવર્સમાં ચલાવી, ઍરપોર્ટ દૂર એક સાઈડ પર, પેલી બ્લ્યુ ડાર્ટની લાઈટો બીજી સાઈડે, દીવાલ ત્રીજી બાજુ. હું વચ્ચોવચ્ચ હતો. તો ટોલબુથ ક્યાં ગયું? મેં કદાચ જે બાજુથી આવ્યો હોઈશ એ બાજુહશે એવીઅટકળે કારફરી ચલાવી.દૂર પોષ વદની રાત્રીનો ઊગતો ચંદ્ર, લગભગ અર્ધાથી નાનો દેખાતો હતો. લાઈટો ખૂબ દૂર હતી. હવે જવું ક્યાં? હું મૂંઝાયો. અહીં કોઈ કરતાં કોઈ દેખાતું ન હતું. એક

ક્ષણ હું ઊભો રહ્યો, કાચ ખોલી આસપાસ દૃષ્ટિ કરી. કોઈ નહીં. સાવ સુનકાર. હિમ જેવો ઠંડો પવન. ક્યાં જાઉં? સવાર સુધી એમ ને એમ કારમાં બેઠો રહું? એ પછી પણ, ચાર વાગ્યા બાદ પણ અહીં કોઈ ન આવે તો? એમ બેસી રહેવું શક્ય ન હતું. ઘોર અંધારું, એકદમ ભેંકાર, સંપૂર્ણ સુનકાર અને સૂસવાટા મારતા પવન સાથે ઠંડી. મેં મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. પેલી પંક્તિ યાદ આવી ''..સુઝે નહીં લગીર કોઈ દિશા જવાની..'' ક્યાંયથી માર્ગ મળે, કોઈ તો માર્ગદર્શક મળે!

ત્યાં એક સફેદ એક્ટિવા પર એક યુવતી પસાર થઈ. બૉબ્ડ હેર કહેવાય એવા પાછળથી કપાવેલા વાળ, એકદમ ગોરા હાથ, સુંદર V શેઈપ વાળી પીઠ, પાતળી કમર. તેણે સિલ્કનું ચમકતું સફેદ સલવાર કમીઝ પહેરેલું અને લાલ દુપટ્ટો ખભેનાખેલો. મોંખુલ્લું હતું.આ એક્ટિવાઅહીં આટલી રાતે? ઠીક. એ જઈ જઈ ને તો શહેર તરફ જ જશે એમ વિચારી મેં એની પાછળ કાર લીધી. એક્ટિવા ધીમું પડ્યું. એણે મારી સામે એક ક્ષણ જોયું. સુંદર ગોરો ગુલાબી ચહેરો. પાતળા લાલ હોઠ. કદાચ એની આંખો એકદમ ચમકતી હતી. દૂર દેખાતી પેલી લાઈટો કે મારી કારની લાઈટો પડવાથી ચમકતી હશે. મેં મારી કાર એક્ટિવાની નજીક લીધી. એક્ટિવા આગળ વધ્યું. એણે થોડી સ્પીડ પકડી, મેં પણ એની પાછળ રહેવાય એટલી. એણે કદાચ રસ્તો ક્રોસ કર્યો. મેં પણ. કદાચ પેલું ફૂલોવાળું સર્કલ ફરી આવ્યું. ફરી હું ગોટે ન ચડી જાઉં એટલે મેં એક્ટિવાની બને એટલી નજીક રહેવા કોશિશ કરી. એક ક્ષણ એ કદાચ ઊભી રહી. એની લાલ લાઈટ વધુ પ્રકાશિત થઈ. મેં સહેજ સ્પીડ પકડી એની નજીક રહેવા કોશિશ કરી. એ ધીમી પડી. એણેટર્નમાર્યો,મેંપણ.એણેપાછળજોઈઅત્યંત મીઠું સ્મિત વેર્યું કે કોઈ ઈશારો 'આવો મારી સાથે' એમકહેતી હોયએવો કર્યોએવું લાગ્યું.દૂર સરદાર પટેલનું સ્ટેચ્યુ દેખાયું. એ કદાચ વળી. રાઈટ ટર્ન લીધો. મેં પણ એમ જ કર્યું. હવે મેં જોયું કે એણે મારી તરફ એક ક્ષણ જોઈ એક બાજુ ડોકું સહેજ નમાવ્યું. એ બાજુ લાઈટો દેખાઈ. મારે ટોલ બુથથી સહેજ આગળ જઈ, ટોલ બુથ દેખાય છે એની વિરુદ્ધ દિશામાં જવાનું હતું. એક્ટિવા ક્યાં? આગળ નીકળી ગયું કે દેખાતું બંધ થઈ ગયું. ન તો પાછળ દેખાયું ન તો આગળ એની લાલ લાઈટ. હવે રસ્તાની લાઈટ સ્પષ્ટ દેખાઈ. હું એ રસ્તે ગયો.

ઠીક. મને સાચો રસ્તો મળી ગયો. મારી પ્રાર્થનાએ પરમનો સથવારો મોકલ્યો. મેં આગળ જઈ કાર હવે સાચે રસ્તે શહેર તરફ લીધી. આશરે સાડા ત્રણે ઘેર પહોંચી સૂઈ ગયો.

સવારે આંખ ઊઘડી, રાતની વાત યાદ આવી. હું તે રાત્રે અંદરથી ખૂબ મૂંઝાઈ ગયેલો તેથી આંખ ઊઘડતાં જ તુરત એ રસ્તો ભૂલવાની ઘટનાની ફિલ્મ રિવાઈન્ડ થવા લાગી.

એક્ટિવા ઓચિંતું ક્યાંથી આવ્યું? એ વખતે આજુબાજુ કોઈ ન હતું. મેં કારનો દરવાજો ખોલી નીચે ઊતરીબહાર આસપાસપણ જોયેલુંકોઈ માણસકે કંઈ દેખાય તો. કશું જ નજીકમાં ન હતું.

એ છોકરી કે યુવતી ખુબ રૂપાળી હતી. તે

અદ્‌ભુત દેહયષ્ટિ ધરાવતી હતી. સામાન્ય રીતે આવા વિચિત્ર સમયે યુવાન છોકરી એકલી ન નીકળે.

એની આંખના ડોળા મોટા હતા કે એવું લાગેલું? આંખો આટલી ચમકતી કેમ હતી?

એક્ટિવા બ્રેક મારે ત્યારે જ આવી શાર્પ લાલ લાઈટ થાય. તો સતત એવી લાઈટ એક્ટિવા પાછળ કેમ દેખાતી હતી?

મહત્ત્વનું, એ એક્ટિવા ઊભું કેમ રહ્યું અને પછી જો એની સ્પીડ મારાથી ખાસ વધારે ન હતી તો મને કોઈ પણ બાજુ વળતું કેમ ના દેખાયું?

આ પ્રશ્નો તુરત મગજની સપાટી પર આવ્યા. હા. ચોક્કસ કોઈ પેરાનોર્મલ વસ્તુ બની. મેં ચા પીતાં આદત મુજબ ફેસબુક પર ફ્રેન્ડ્ઝ માટે દસેક વાક્યોમાં આ પ્રસંગ મૂક્યો.

તુરત લાલ, મોટી આંખો વાળા ફેસ, ભયની સાઈનો કોમેન્ટ્સમાં આવી. એક હિતેચ્છુએ હું કેમ છું એમ મારાં શ્રીમતીને ફોન કર્યો. એક નજીકના વડીલે સાળંગપુરનું મંત્રેલું પાણી લઈ આવવા સૂચવ્યું. એક મિત્રે એક ચોક્કસ ધર્મ સંપ્રદાય આસુરી શક્તિઓથી બચાવતું જળ આપે છે એ લઈ પી જવા સૂચવ્યું. મને હવે મિત્રોએ પેલી છોકરી કેવી દેખાતી હતી, તેના દેખાવમાં શું અસામાન્ય હતું, આંખો પલકતી હતી કે સ્થિર હતી, એક્ટિવા જમીન પર ચાલતું હતું કે જમીનથી અધ્ધર હતું, છોકરીની પીઠ ખરેખર સામાન્ય હતી કે પીઠહતીજનહીં..એવાપ્રશ્નોપૂછ્યા.મનેએ વખતે કશું જ અસામાન્ય લાગેલું નહીં. ઊલટો હાશકારો થયેલો કે મને મૂંઝાએલાને માર્ગદર્શન મળ્યું. જો ગભરાયો હોઉં તો આવી સ્વસ્થતાથી ૧૬ કિ.મી. કાર ચલાવી શાંતિથી ચૂપચાપ સૂઈ ન જાઉં. એક યુવાન મિત્રે તે કન્યા બ્લ્યુ ડાર્ટની કર્મચારી હશે એમ કહ્યું, પણ એ ઑફિસ તો દૂર સામે દેખાતી હતી અને એની પાછ્ળી, વિરુદ્ધ દિશાએથી એ કન્યા આવેલી અને રાત્રે અઢી વાગે ડ્યુટી પૂરી ન થાય. કાં તો વહેલી સવારે, ક્યાં તો બારેક વાગ્યાની આસપાસ જ નીકળે.

તો એ કોણ હતી?

એ ભૂત તો નહીં જ હોય. દેવી હોય કે જે પરમ શક્તિ હોય, જ્યારે ક્યાંયથી કોઈ મદદ મળે એ શક્ય જનહતું, ત્યારેએણેમને રાહચીંધ્યો.વળી એના માટેપણ ગુગલને એવુંસર્ચ કર્યુંતો ક્યાંકમળ્યું કે આવી શક્તિઓ આપણે ગભરાઈ જઈએ નહીં એટલે આપણને અજુગતું ન લાગે એવાં સ્વરૂપ લે છે.

એને ગર્લ ફ્રેન્ડ તો ન કહેવાય, ફરી ક્યારેય મળી નથી, પણ ફ્રેન્ડ ગર્લ તો અવશ્ય કહીશ. પરમના સથવારે કાપેલી એ ક્ષણો ચિરસ્મરણીય રહેશે.

ફેબ્રુઆરી ૨૦૧૭માં જ બનેલી ઘટના છે. આ પહેલાં કે એ પછી ક્યારેય એવું કંઈ જ મારી સાથે બન્યું નથી. એ પછી એરપોર્ટ જાઉં ત્યારે હું કઈ બાજુ વળી ગયો હોઈશ એ વિચારું છું.

આ સંપૂર્ણ સાચી વાત હોઈ આટલી તાદશ્ય રીતે લખી શક્યો છું.

**-સુનીલઅંજારિયા**

# સત્યઅનુભવપરઆધારિત...પરમ-શક્તિ

"એવરીબડી, ટેક પૉઝિશન - ઑફિસર, લોઅર ધ પોર્ટસાઈડ બોટ - પ્લીઝ સ્ટાર્ટ સ્ટારબોર્ડ સાઈડ લાઈફબોટ્સ એન્જિન" આ અને આવી, કૅપ્ટનની સૂચનાઓ સાથે ખૂબ વિશાળ એવા માલવાહક શિપના ડેક પર અફડાતફડી મચી હતી. ના...આકોઈ ભયજનકકટોકટીની પળનહોતી, પણ રૂટીન લાઈફબોટ ડ્રીલ ચાલી રહી હતી.

કિનારાથી જોજનો દૂર આધુનિક યંત્રસામગ્રીથી સજ્જ આ માલવાહક જહાજ, એમાં સવાર થોડા કાબેલ, સાહસિક માનવોની કુશળતા અને કુદરતની રહેમ રાહે અફાટ જળરાશિ ઉપર સરકી રહ્યું હતું. એની સલામતી માટે આ બધી ડ્રીલ - (ક્વાયત) જરૂરી હતી. કુદરતના ક્રુદ્ધ સ્વરૂપનો જ્યારે અહીં સામનો કરવાનો હોય ત્યારે સ્પષ્ટ અને શીઘ્ર નિર્ણયશક્તિ - સાહસિક્તા - સજ્જતા અને સેકંડના સોમા ભાગની પણ અગત્યતા સમજવી અનિવાર્ય હતી.

સવારથી જ એન્જિન રૂમમાં કોઈ રિપેર કામ અને પછી મોક ડ્રીલમાં અટવાયેલ ચીફ એન્જિનિયર આકાશે પોતાની કૅબિનમાં પ્રવેશતાં રાહત અનુભવી અને શાવર લઈ લંચ માટે મેસમાં જતાં પહેલાં રોજના ક્રમ પ્રમાણે અગરબત્તી કરી હનુમાન ચાલીસા, શિવસ્તોત્ર વગેરેના પાઠ શરૂ કર્યા. ત્યાં તો કૅબિનના દરવાજા પર ઠક-ઠક થયું. કોણ હશે એની ખાતરી સાથે જ દરવાજો ખોલ્યો, તો સામે કૅપ્ટન અરોરા હાથમાં ચીલ્ડ બીયરનાં ત્રણ-ચાર કેન લઈ હસતાં હસતાં ઊભેલો. "ક્મ ઓન ડૂડ - નાવ લીવ યોર ડીયર હનુમંતા એન્ડ લેટ્સ એન્જોય બીયર વિથ ચખના" કહેતાં કૅબિનમાં ઘૂસી જ ગયો. કૅપ્ટન અરોરા પૂરેપૂરો નાસ્તિક હતો. કર્મકાંડ -ભગવાન કશામાંએને આસ્થાનહોતી. એકહેતો આપણેજ 'સુપર-પાવર'છીએ. ચીફઆકાશ અને અરોરા વચ્ચે ઘણી વાર આ વિશે મતભેદ થતાં, પણ બંનેએ ઘણી વાર સાથે સેઈલ (Sail) કરેલું એટલે મનમેળ પણ એટલો જ રહેતો.

એક સવારે બ્રેક્ફાસ્ટ ટાઈમે જ્યારે બધા જ મેસમાં હતા ત્યારે કોઈએ ધ્યાન ખેંચ્યું કે આજે આપણું જહાજ બર્મુડા ટ્રાઈએંગલ (Bermuda trinangle)નાં ઍરિયામાં દાખલ થશે - અને ઉત્તેજના વ્યાપી ગઈ. બર્મુડા ટ્રાઈએંગલ કે ડેવિલ્સ ટ્રાઈએંગલનો ઇતિહાસ જ એવો રહસ્યમય છે કે એમાં પ્રવેશતાંકોઈપણ જહાજકેહવાઈજહાજમાં સવાર માનવોનું હૃદય એક ધબકારો અવશ્ય ચૂકી જાય. આ ત્રિકોણ ઉત્તર આટલાંટિક સમુદ્રમાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦થી વધારે જહાજ અને ૨૦ જેટલા હવાઈજહાજ રહસ્યમય સંજોગોમાં ગૂમ થયાં છે. ક્રીસ્ટોફર કોલંબસે ૧૪મી સદીમાં પણ આ ક્ષેત્રમાં અજાણી રોશની અને હોકા યંત્રની અસાધારણ હલચલ નોંધેલાં. આટલી કરુણાંતિકાઓનાં કોઈ નક્કર કારણ પણ હજી સુધી નથી મળ્યાં પરગ્રહવાસીઓની હાજરી, સમુદ્રના પેટાળમાં રહેલ મિથેન ગૅસ કે કોઈ વિચિત્ર ચુંબકીય શક્તિની

શક્યતાઓ વિચારવામાં આવે છે - ઉત્તેજનાની સાથે સૌને એક ધરપત પણ હતી કારણ ૧૯મી સદીના ઉત્તરાર્ધ પછી આવા અકસ્માત ઓછા નોંધાયા હતા અને આ સમય તો હતો ઈ.સ. ૨૦૦૩નો.

જહાજ અને સમય શાંત-સ્થિર ગતિએ સરકતાં ગયાં. બે દિવસ પછીની મધરાતે ૧૨.૩૦ની આસપાસનો સમય. પૂરા જહાજ પર નિંદ્રાદેવીનું સામ્રાજ્ય હતું. ઑટોપાઇલટ પર ચાલતા શીપનાં એન્જિનરૂમમાં સન્નાટો હતો. બ્રિજ (તૂતક) પર પણ ફક્ત એક ડ્યૂટી ઑફિસરની હાજરી હતી. આસપાસ બધું સામાન્ય અને શાંત હોવાથી એ પણ રીલેક્ષ્ડ હતો... અચાનક એને લાગ્યું ફૂલ પૂરી ગતિથી દોડતું જહાજ જાણે એક પડખે થોડું ઝૂકી રહ્યું છે. તરત જ શિપના વ્હીલ પર જઈ એણે જહાજની ગતિ પર કાબૂ મેળવવા અને એને મેન્યુઅલી (Mannually) ઑપરેટ કરવા કોશિશ કરી પણ વ્યર્થ, અચાનક પૂરી યંત્રણા કોઈએ સજ્જડ બંધ ન કરી હોય! એણે ગભરાઈને કૅપ્ટનને ઈન્ટરકોમ લગાડ્યો...

આ બાજુ - પોતપોતાની કૅબિનમાં સૂતેલા નાવિકો પણ અસામાન્ય હિલચાલ અનુભવાતાં જાગી ગયા. એટલામાં તો એમની કૅબિનમાં રહેલાં T.V. સેટ નીચે પડી ગયા. કબાટના ખાનાઓ ખૂલી વસ્તુઓ બહાર ફેંકવા માંડી. સાંકળોથી બાંધેલ મોટાં ફર્નિચર સિવાયની છૂટ્ટી વસ્તુઓ શિપનાં ઝૂકેલા ભાગ તરફ ફેંકાવા માંડી. ધીમેધીમે જહાજ એટલું બધું ઝૂકી ગયું કે સ્થિર ઊભા રહેવું જ અશક્ય થઈ પડ્યું. એન્જિન રૂમમાં રહેલ એલાર્મ જોરજોરથી ચીફ એન્જિનિયર આકાશની કૅબિનમાં વાગી ઊઠ્યોઅને રેકર્ડેડમેસેજ 'અરજન્ટએ ટેન્શન રિક્વાયર્ડ' સતત વાગવા માંડ્યો. મરણિયા બની આકાશે ઊભા થવાની કોશિશ કરી, પણ અશક્ય.. જહાજ વધારે ને વધારે ઝૂકતું ગયું આકાશની નજર સામે પત્ની, બે માસૂમ દીકરી. મા-બાપ સર્વના ચહેરા તરવરવામાંડ્યા ,પણઅત્યારે લાગણીઓનેલગામ આપવી જરૂરી હતી. થોડે દૂર રહેલા લાઈફ જૅકેટ સુધી પહોંચવા કોશિશ કરી, પણ વ્યર્થ. બે દિવસ પહેલાંની લાઈફ-બોટ ડ્રીલ કે લાઈફબોટ્સ્ પણ અત્યારે કોઈને બચાવી શકે એવા સંજોગો નહોતા.

બીજી તરફ ડ્યૂટી ઑફિસરનો ફોન આવતાં કૅપ્ટન અરોરાએ કોઈ પણ રીતે બ્રિજ સુધી પહોંચવાનો સંકલ્પ કર્યો. આખરે આ શિપનો એ 'માસ્ટર' હતો. અત્યારે શિપમાં સવાર સર્વ નાવિકો અને બે ઑફિસર્સનાં નાનાં બાળકો સાથેના પરિવારના જાનની જવાબદારી એને શિર હતી. અથડાતાં કૂટાતાં પારાવાર પ્રયત્ને એ બ્રિજ પર તો પહોંચ્યો ત્યાં સુધીમાં જહાજ ૩૫° એક તરફ ઝૂકી ગયેલું. આ ઝુકાવ કોઈ પણ જહાજ માટે ખતરનાક જ ગણાય મરણિયા બની કૅપ્ટન અને ડ્યૂટી ઑફિસરે જહાજની ગતિ પર કાબૂ મેળવવા કોશિશ કરી, પણ ફરી નિષ્ફળતા જ મળી.

''ઓહ! ધીસ ડેવિલ ટ્રાઈએંગલ વિલ કિલ

ઑલ ઑફ અસ'' ડ્યૂટી ઑફિસર લાચાર બની લગભગ રડી જ પડ્યો. – છેલ્લા પ્રયત્ન રૂપે કૅપ્ટન અરોરાએપોતાની જાતનેમાંડ સ્થિરકરતાં વ્હીલ પર કાબૂ મેળવવા કોશિશ કરી, પણ એનો હાથ છટકી એ ઝૂકેલા ભાગ તરફ ઘસડાયો. એ ઘડીએ જ એની મુઠ્ઠીમાં એક વસ્તુ આવી – એ તરફ નજર જતાં એના મનમાં કોઈ ચમકારો થયો – એક ક્ષણ માટે એની આંખ મીંચાઈ એ જાણે કશેક ખોવાઈ ગયો બીજી જ ક્ષણે... જહાજ સ્થિર થઈ ગયું અને થોડી ક્ષણોમાં ધીરે -ધીરે સીધું થઈ મૂળ સ્થિતિમાં આવી ગયું. બધા એન્જિન-વ્હીલ, પાછા સામાન્યપણે કામ કરવા લાગ્યાં. પછીના થોડા કલાકો આવી પરિસ્થિતિ ઊભી થવાનું કારણ જાણવા શીપના સર્વ ઑફિસર્સ કામે લાગ્યા, પણ કોઈ જ કારણ કે તારણ ન જ મળ્યું.

બીજે દિવસે ચીફ આકાશ પૂજા કરતા હતા ત્યાં દરવાજો ઠોકાયો. નિત્યક્રમ મુજબ કૅપ્ટન અરોરા દરવાજામાં ઊભેલા પણ એમના હાથમાં બીયર બોટલ્સ નહીં, પણ એક રુદ્રાક્ષ હતો....એ બોલ્યા ''ચીફ, તેં આ રુદ્રાક્ષ ભગવાનની પ્રસાદીરૂપે મને આપેલ, યાદ છે? મેં તો એને બ્રિજ પર બીજી વસ્તુઓ સાથે એક ટ્રેમાં મૂકી દીધેલ.

કાલે જ્યારે આપણી અંતિમ પળો ગણાતી હતી ત્યારે જ અચાનક મને એનો સ્પર્શ થયો – મારા મન-હૃદયમાં એક ઝબકારો થયો. અવશપણે આંખ બંધ કરી મેં જિંદગીમાં પહેલી વાર પ્રાર્થના કરી ''હે નાથ – હે આદિ શક્તિ અમારી રક્ષા કરો'' અને જાણે ચારે તરફથી નાદ સંભળાયો 'તથાસ્તુ' ને આપણું જહાજ ડૂબતાં ડૂબતાં બચી ગયું.

એ દિવસ પછી કૅપ્ટન અરોરાની જીવનયાત્રાને વિસ્તરવા બે સમુદ્ર સાંપડ્યા...

પુરુષાર્થ અને પરમશક્તિમાં શ્રદ્ધા.

**દીનાવછરાજાની**

# ક્ષણનોસાક્ષાત્કાર

''જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ'' કહેનારે ખૂબ સાચું જ કહ્યું છે. જીવનનો ગ્રાફ કદી એક્સરખો - સીધી લીટીમાં હોઈ જ ન શકે. તબીબી વિજ્ઞાન મુજબ પણ સામાન્ય માનવીના હૃદયના ધબકારાની લીટી ઊંચી-નીચી રહે ત્યાં સુધી જ માણસ જીવતો હોય. એ ગ્રાફ સીધી લીટીમાં આવી જાય એટલે માણસનું હૃદય બંધ.

આ જીવનકાળ દરમિયાન સામાન્યપણે મોટા ભાગના માનવજીવનમાં ઘણા ચડાવ-ઉતાર આવતાં હોય છે. જૂજ વ્યક્તિ એવી હોય કે જે એમનું જીવન એકધાર્યું જીવી શકે. જીવનમાં સારો સમય હોય ત્યારે માણસ પોતાની દુનિયામાં આનંદમાં વ્યસ્ત હોય, પરંતુ ક્યારેક જીવનમાં એવી આઘાતજનક ઘટના બને કે સંસાર સાગરમાં મઝધારમાં તેની નૌકા ડૂબતી હોય તેમ લાગે. જીવનમાં ચારે દિશામાં અંધકાર છવાયેલો લાગે. ક્યારેક આવી પડેલ આપત્તિઓથી કંટાળી જીવનથી વિમુખ થવા, આત્મઘાતી પગલું ભરવાનો વિચાર પણ આવે. આવા સંજોગોમાં તેના મૂળભૂતસંસ્કાર,શિક્ષણ, વાંચનવગેરેજો યોગ્ય હોય તો ધીરજપૂર્વક તેનો સામનો કરી વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવી શકે. શનૈઃ શનૈઃ બહાર આવી શકે. આવા સમયે ક્યારેક એવું પણ બને છે કે કોઈ અલૌકિક દૈવી તત્ત્વ તેની વહારે આવ્યું હોય તેવી અનુભૂતિ થાય છે જેનાથી અંધકારમય જીવનમાં ઉજાસ ફેલાતો દેખાય અને આશાનું કિરણ ઓગળતું લાગે.

"Everydark cloudhas asilver sign on it" ની ઉક્તિ સાર્થક થતી જણાય.

આ અલૌકિક પરમતત્ત્વનું શાબ્દિક વર્ણન તો ઘણુંઅઘરું છે,પરંતુ તેનીઅનુભૂતિ થઈહોય તેજ સમજી શકે. સ્વાનુભવના પ્રસંગો જીવનમાં અનેક બન્યા છે. માનવજીવનમાં સૌથી આઘાતજનક ઘટના એટલે નિકટના સ્વજનનું અકાળે અવસાન. નાનાં બાળકો નાનપણમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી બેસે, ઘડપણનો એકમાત્ર સહારો હોય તેવું સંતાન કોઈ માતા-પિતા ગુમાવી બેસે તે ઘણી કરુણ ઘટના છે. સૌથી કરુણ ઘટના એક સ્ત્રી કે પુરુષ માટે યુવાન વયે જીવનસાથી ગુમાવવાની છે. સંતાનો નાનાં હોય, જવાબદારીથી ઘેરાઈ જવાય, અનેક પડકારોનો સામનો કરવાનો આવે, જાણે એક પૈડાનો રથ ચલાવવાનો હોય તેમ લાગે! ક્યારેક પોતાનું જીવન ટૂંકાવી દેવાનો પણ વિચાર આવે, તેવા સંજોગોમાં કોઈ દિવ્ય શક્તિ આવીને તેને પ્રેરણા આપે અને ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી ફરી સજીવન કરી, ફરી બેઠી કરે ત્યારે ઈશ્વર પ્રત્યેની ક્ષીણ થયેલી શ્રદ્ધા ફરી બળવત્તર બને.

એક વ્યક્તિ યુવાન વયે જ્યારે કોઈ અસાધ્ય બીમારીનો શિકાર બને ત્યારે તેની સમક્ષ કેટલા બધા પ્રશ્નો હોય! પોતાના જીવનસાથી અને સંતાનોને અધવચ્ચે છોડીને કેટકેટલાં અધૂરાં અરમાનો લઈને આ ફાની દુનિયામાંથી વિદાય લેવી પડશે એ વિચાર જ કંપાવી મૂકે! તેમ છતાં ઈશ્વરે જે ધાર્યું હોય તે બનીને

જ રહે છે! મારા જીવનમાં જ્યારે આ દુર્ઘટના બની ત્યારે જીવન અંધકારમય બની ગયું હતું. ક્યારેક આત્મઘાતી વિચારો પણ આવતા. દિશાશૂન્ય શૂન્યમનસ્ક હોવા છતાં જવાબદારીઓ નિભાવવા સજ્જ થવાનું હતું. તે સમયે ખૂબ હિંમત હારી ગયેલ. દરેકનવોદિવસનવાપ્રશ્નોસાથેઊગતો.જ્યારે કોઈ પણ નિર્ણય લેવામાં દ્વિધા ઊભી થાય ત્યારે હું છબી સામે ઊભી રહી બે ચિઠ્ઠી મૂકું. તેમાંથી બે વાર જે ઉત્તર મળે એ અમલમાં મૂકું. ત્યારે મને હંમેશા એવી અનુભૂતિ થઈ છે કે આપણી વચ્ચે હયાત ન હોવા છતાં સતત મારી આસપાસ છે. ક્યારેક કોઈ ખોટો નિર્ણય લેવાયો હોય તો સ્વપ્નમાં આવીને પણ તે વિશે સભાન કરે. આજે જ્યારે સંતાનો ખૂબ સારી રીતે સ્થાયી થયાં છે અને જવાબદારીઓ પૂર્ણ થઈ છે ત્યારે હંમેશા અદશ્યપણે પણ આસપાસ હોય તેવી અનુભૂતિ સતત થાય છે. છોને મૃગજળ ના હો, પણ જળ તો છે ને!!

બે વર્ષ પહેલાં જીવનમાં એક ઘટના બની બાથરૂમમાં સ્નાનથી પરવારી ત્યાં કોઈ અકળ કારણસર ચક્કર આવતાં બેશુદ્ધ થઈ ગયેલ. સામાન્ય સમય કરતાં લાંબો સમય સુધી બહાર ના આવી તેથી કુટુંબીજનોએ તપાસ કરી તો બાથરૂમમાં બેશુદ્ધ પડી હતી. તરત જ એમ્બ્યુલન્સ બોલાવી, આઈસીયુમાં દાખલ કરેલ. ચાર કલાક બાદ ભાનમાં આવી ત્યારે ખયાલ આવ્યો કે હૉસ્પિટલના બિછાને છું. પરિવારજનોના પણ જીવ અદ્ધર થઇ ગયા હતા. ક્યારે ભાન આવશે? અને આવશે ત્યારે સ્મૃતિ કેવી હશે? તેની અટકળો કરતા હતા ત્યાં ભાનમાં આવી ને સંપૂર્ણ સજાગ જોતાં દરેકના મુખ પર પ્રસન્નતા છવાઈ. એ ચાર કલાક દરમિયાન જાણે ઈશ્વરના દ્વાર ખખડાવીને પાછી ફરી હોઉં તેવી અનુભૂતિ થઈ. જે ક્ષણે પડી ગઈ તે ક્ષણે જાણે કોઈ ગેબી શક્તિએ તેના ખોળામાં ઝીલી લીધી હોય તેવો અહેસાસ થયો. વળી કોઈ પ્રકારની આંતરિક કે બાહ્ય - શારીરિક ઈજા નહીં તે એક ચમત્કાર જ કહેવાય ને!

જ્યારે જ્યારે એ ઘટના વિશે વિચારું છું ત્યારે ત્યારે એમ લાગે છે કે કોઈ દૈવી તત્ત્વએ રક્ષા કરી મને નવજીવન બક્ષ્યું. જો માથામાં ઈજા થઈ હોત તો! કોઈ અન્ય તકલીફ થઈ હોત તો! તે સમયે સમયસર સારવાર માટે હૉસ્પિટલ પહોંચાડનાર કુટુંબીજનો અને ડૉક્ટરો પણ દેવદૂત જ કહેવાયને! મારું પ્રિય ભજન સતત ગણગણું છું ઉપકાર તમારા ભારી રે... હે શ્રીનિવાસા...''

જીવનના ઘણા અનુભવોના આધારે એક તારણ ઉપર તો જરૂર આવી છું કે માણસ ગમે તેટલી વૈજ્ઞાનિક સિદ્ધિ પ્રાપ્ત કરે, પરંતુ આયુષ્યની એક ક્ષણ પણ વધુ આપી શકતો નથી. ઈશ્વરે જે ઘડી-પળ નિર્માણ કર્યા હોય તે મુજબ જ બને છે. માટે જીવનમાં કાર્યો કરતાં રહેવાનું પણ જીવનરથના સારથિ તરીકે શ્રી યોગેશ્વરને જ રાખવા. જેથી પાર્થને કોઈ ચિંતા નહીં.

''ચિંતાકરમા,તારુંધ્યાનરાખેછેભગવાન,
ચિંતાકરમા,સોંપીદેએનેજીવનનુંસુકાન.''

**પદ્મજાવસાવડા**

# દોરીસંચાર

સથવારો તો જીવનભર, કોઈ ને કોઈનો મળતો જ રહે છે. પણ ઘણા સથવારા જીવનની કેડી પર, ચાલતાં હોઈએ ત્યારે આકસ્મિક છૂટી જતાહોય છેક્યારેક કુદરતછોડાવે, તોક્યારેક આપણે છોડી દઈએ.

પણ એક સથવારો - હર હંમેશ આપણી સાથે હોય છે. જે અદશ્ય છે, ભૌતિક સ્વરૂપે નથી. એનો હાથ પકડીને કે ખભ્ભે હાથ મૂકીને ચાલવાનો અનુભવ કરી શક્તા નથી, પણ એ સથવારો, આસ્તિક કે નાસ્તિકના ભેદભાવ વિના - આજીવન અમૂર્તરૂપે આપણી સાથે હોય છે.

૧૯૭૨માં વડોદરાની એક અગ્રણી બૅન્કમાં અમે ૭/૮ પ્રૉબેશનરી ઑફિસર કામ કરીએ. ૨૧થી ૨૪ વર્ષ વચ્ચેની ટોળકી. કોઈ VIQ VG - રાજકોટ, પોરબંદર, અમરેલીથી - તો કોઈ પંચમહાલ કે વડોદરાના.

વડોદરામાં દિવાળીમાં દારૂખાનાની બજાર, રાજમહેલ રોડ પર, પોલો ગ્રાઉન્ડમાં ભરાય. એ સિવાય ખૂણે-ખાંચરે દારૂખાનું મળે નહીં. આપણે રાજકોટનાં - પરાબજાર કે સદરની કોઈ જાણીતી દુકાનમાંથી, પપ્પા અપાવી શકે એટલા ફટાકડા લેવાવાળા. બહુ ખેંચતાણ કરીએ તો તડાફડીનું એકાદું પેકેટ વધારે મળે અને ચશ્માંમાંથી પપ્પાના ડોળા પણ. એટલે આ પ્રકારની બજાર, આપણી મરજી મુજબની, આપકમાઈની ખરીદી કરવાનો ઉત્સાહ હોય જ ને? અને આ ફટાકડા, રાજકોટ લઈ જવાના હતા, એટલે ત્યાં આપણે નવતર ફટાકડા વડોદરાથી લાવ્યા છીએ એનો વટ મારવાની ભાવના પણ ખરી જ.

ધનતેરસની રાત્રે, અમારી ટોળી પહોંચી દારૂખાનાની બજારમાં. Make shift (કામચલાઉ) દુકાનો,જાતજાતના ફટાકડાઅને ઝગમગાટરોશની - આબાલવૃદ્ધ સજી-ધજીને બજારમાં મહાલતા હતા. અમે પણ એક પછી એક દુકાનોમાં દારૂખાનું જોવામાં મશગૂલ થઈ ગયા. અમારો એક મિત્ર જન્મે અને કર્મે વાણિયો એટલે ભાવ માટે રકઝક બહુ કરે, એટલે ધીમેધીમે, દુકાનો ફરતાં-ફરતાં અમારી ખરીદી થતી હતી. એકાદ કલાક પછી, એક દુકાનમાં ખરીદી ફાઇનલ કરી રહ્યા હતા ત્યાં જ ક્યાંકથી ફટાકડાના અવાજ થવા લાગ્યા અને થોડી ક્ષણોમાં તો પોલો ગ્રાઉન્ડમાં આતશબાજીનો નજારો. પહેલાં તો એમ થયું કે વેપારીઓ ધનતેરસની ઉજવણીમાં આતશબાજી કરતા હશે, પણ ત્યાં તો એક પછી એક દુકાનોમાંથી ફટાકડા ફૂટવા લાગ્યા અને બજાર બની ગઈ અગનગોળો. ધુમાડાના ગોટેગોટા, ચીસાચીસ અને અંધાધૂંધી. આ શું અને કેમ થઈ રહ્યું છે એનો વિચાર કર્યા વિના અમે મુઠ્ઠી વાળીને નાઠા. કઈ દિશામાં, ક્યા રસ્તે એ જોયા જાણ્યા વિના દોડતાં દોડતાં બહાર નીકળ્યો - હકીક્તમાં પડ્યો - ત્યારે સામે કલાભવન (Faculty of technology) દેખાયું અને દોડવાનું ચાલુ - શ્વાસ લેવા રાજમહેલના ભવ્ય દરવાજા પાસે ઊભો રહ્યો અને બીજા મિત્રો ક્યાં હશે તે ચિંતામાં હતો, ત્યાં તો એક પછી એક મિત્રો હાંફતાં-હાંફતાં ભેગા થઈ ગયા. કોઈકના કપડાં ફાટી ગયાં હતાં, તો કોઈકને હાથ-પગમાંથી લોહી વહેતું હતું - બધાની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા હતા, પણ બધા જ અવાચક.

અમે બધા સાંગોપાંગ બચી ગયા અને ફરીથી

એક જ અનિર્ધારિત સ્થળે ભેગા થઇ ગયા - બચી ગયા કે બચાવી લીધા એ પ્રશ્નનો જવાબ હજુ મળ્યો નથી. કોઈ કહે તમારા ગ્રહો પાવરફૂલ તો કોઈ કહે પૂર્વજોનાં પુણ્યોએ અમને બચાવ્યા - પણ એ પાવરફૂલ ગ્રહો કે પૂર્વજોનાં પુણ્યો કોઈક અગોચર શક્તિની કૃપા હોય તો જ પ્રાપ્ત થાય, એવો અહેસાસ આજે પણ થઈ રહ્યો છે.

............

બાબરી મસ્જિદના પ્રત્યાઘાતોરૂપે અમદાવાદ લાંબા સમય સુધી અશાંત રહ્યું અને આમ પણ Communal violence માટે અમદાવાદનું એક સમયે નામ હતું. રહેવાનું મણિનગર અને ઑફિસ આશ્રમ રોડ પર. જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૯૯૩માં અમદાવાદમાં કોઈ ને કોઈ વિસ્તાર તોફાનગ્રસ્ત અને કરફ્યુગ્રસ્ત.તોફાનોએ શહેરનેબાનમાં લીધુંહતું અને મોટા ભાગના રાજમાર્ગો પણ કરફયુમાં. એવા એક દિવસની બપોરે, સાથી મિત્રોએ, ઑફિસ વહેલી બંધ કરાવી, મને ઘર ભેગો થવા મજબૂર કર્યો, પણ જવું કઈ રીતે? સ્કૂટર આવડે નહીં, ડબલ સવારી પર પાબંદી - બસો અને રિક્ષાઓ પણલગભગ બંધ.છતાં એકમિત્ર, ગભરાતાં-ગભરાતાં મને બસ સ્ટેન્ડે છોડી ગયો, કારણ ત્યાંથી મણિનગરની બસ મળવાની શક્યતા હતી. કોઈક બસ આવે, પણ અંદર ઘૂસવું આપણી તાકાત બહાર. એક તબક્કે એમ થયું કે નજીકમાં કોઈના ઘેર રાતવાસો કરવો પડશે. ત્યાં એક અજાણ્યા સજ્જને પૂછ્યું કે તમારે મણિનગર જવું હોય તો આપણે રિક્ષા કરી લઈએ? પણ રિક્ષા આવે તો ને? ઘણી બધી પ્રતીક્ષા પછી એક રિક્ષાવાળાના દિલમાં રામ વસ્યા અને અમને લઈ જવા, એની શરતે તૈયાર થયો. રસ્તામાં આગના ભડકા ધુમાડાના ગોટેગોટા અને લોકોનાં ટોળાં પાર કરી, એમ થયું કે હવે ઘરે પહોંચી જવાશે. ત્યાં તો એક સાંકડી ગલીના નાકે, ટોળાએ રિક્ષાને ઘેરી લીધી. રિક્ષાચાલકની ઓળખ-જ્ઞાતિ - ટોળાએ માન્ય રાખી, અમારી જ્ઞાતિ ઓળખ કરવા મને પૂછ્યું ''જનોઈ પહેરો છો''? હા કે ના શું કહેવું? પણ મેં તુરત જ હા કહી અને અમારી સવારી જવા દીધી. ઑફિસમાંથી નીકળ્યા પછી બે-અઢી કલાકે ઘરભેગો થયો ત્યારે અમે અને અમારા આડોશી-પાડોશીઓએ રાહતનો દમ ખેંચ્યો.

.........

પરમના સથવારાનો અનુભવ વખતોવખત થયો. કસોટીની એરણ પર ખરા ઊતરી સફળતા મળે પછી પ્રશ્ન થાય - આમ કેમ થયું? પરંતુ કોઈકે કહ્યું છે તેમ શ્રદ્ધાનો અર્થ છે આત્મવિશ્વાસ અને આત્મવિશ્વાસનો અર્થ છે ઈશ્વર પર શ્રદ્ધા, પણ શ્રદ્ધા વિનાએકલોઆત્મવિશ્વાસકેટલો કારગતનીવડેતે પ્રશ્નનો ઉત્તર હજુ મને મળ્યો નથી.

જીવનમાં હેસિયત કરતાં ઘણું ઘણું પામ્યા છીએ. આપણને પ્રયત્નો કરવા પ્રેરણા આપી, સફળતામળેએકોઈઅગોચર શક્તિનોદોરીસંચાર છે અને નિષ્ફળતાને પચાવી એમાંથી કંઈક શીખવા માટે પણ એ જ પરમતત્ત્વ માર્ગદર્શક બને છે.

અને છેલ્લે,

''મને કશાનો ભય નથી, ભગવાન !<br>
કારણકે તમે સદૈવ મારી રક્ષા કરો છો.<br>
મારી યાત્રા સરળ છે, કારણકે આખોય માર્ગ,<br>
તમે મારી જોડાજોડ ચાલો છો !

(સંદર્ભ : પરમ સમીપે )

**કશ્યપવછરાજાની**

# ઈશ્વરીયસંકેત

સૃષ્ટિના રચયિતાએ મનુષ્યને જ બૌદ્ધિક જીવબનાવ્યો છે.તેનું અવતરણઅમુક જસ્થળે અને સમયે શા માટે? આ જટિલ પ્રશ્ન પામર જીવ પામી શક્તો નથી.

વર્ષ ૧૯૯૯માં મારી સાથે થયેલ વિશ્વાસઘાતે જીવનને ઊંડી ગર્તામાં ધકેલી દીધું. આવા કપરા સમયે અંતરના અવાજે મનને આધ્યાત્મિક દિશા તરફ વાળ્યું અને ક્ષિતિજે આશાનાં કિરણો દૃષ્ટિમાન થયાં.

એક્વાર શ્રી સાંઈબાબાનાં દર્શન બાદ શ્રી શનિદેવ-શિંગણાપુરની સફર દરમિયાન સૂફી સંતવાણી સાંભળવા મળી જે કંઈક આવી હતી.

''કોઈપૈદાહુવેમહેલોંમેં
તોકોઈપલેઝોંપડીઓમેં
કોઈનેપાયીઅમીરી
તોકોઈજીરહેગરીબીમેં
કીસકીજીવનબગીયાંમહેકી
તોકીસકીકાંટોમેંપલી
કુછ્તોકારનહોગાકુછ્તોકારનહોગા''

મારા પર આવી પડેલ પરિસ્થિતિમાં પણ કુછ તો કારન હોગા, એમ માની આધ્યાત્મિક પંથે જીવનને સંતુલિત કરવા શ્રી ચંડીપાઠ અને શ્રી સુંદરકાંડનો સહારો લીધો અને શ્રદ્ધા અને વિશ્વાસમાં સમર્પિત જીવનથી નવી દિશાનો સંચાર થયો.

''સર્વધર્માન્પરિત્યજ્યમામેકંશરણંવ્રજ
અહંત્વાંસર્વપાપેભ્યાંમોક્ષયિષ્યામિમાશ્રુચા
(ગીતા ૧૮મો અધ્યાય ૬૬ શ્લોક)

અને

''યાદેવીસર્વભૂતેષુશ્રદ્ધારૂપેણસંસ્થિતા...''
(દેવી સુક્ત)

સાથે ફિનિક્ષ પક્ષીની જેમ નવી જિંદગી શરૂ કરી અને પરમને સથવારે સમયોચિત યાત્રા કરવાનું વિચાર્યું. એક અવધૂતે ચાંગદેવ ખાતે આવેલ શ્રી શનિદેવનાં દર્શને જવાનું સૂચવ્યું. સૂચનને શિરોમાન્ય કરી અમે ભુસાવળ જવા ઊપડ્યા, જ્યાંથી ચાંગદેવ જવા સુવિધા મળે છે. ચાંગદેવ એ સ્થળ છે જ્યાં શ્રી સંત જ્ઞાનેશ્વરે ચાંગદેવ સાથે શાસ્ત્રોક્તાર્થ કરી શ્રી શનિદેવની હાજરીમાં ચાંગદેવનું અભિમાન ઉતાર્યું-નો પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે.


મહા મહિનામાં ઊતરતા શિયાળાની ઠંડીનું સામ્રાજ્ય વાતાવરણમાં જોવા મળતું હતું. ગાડી મોડી હોવાથી રાત્રે ૧૦.૩૦ વાગ્યે અમે ભુસાવળ પહોંચ્યા. અજાણ્યું શહેર અને રાજ્ય, અમે સ્ટેશન બહાર વેજિટેરિયન હોટલની શોધ કરી, જેને પૂછ્યું તેણે ''ના'' કહી હવે શું કરવું તે પ્રશ્ન ઊઠ્યો રાતનો સમય વધતો ચાલ્યો. તેવામાં એક વ્યક્તિએ અમને વેજિટેરિયન ગુજરાતી હોટલ સુધી પહોંચાડ્યા અને જતી રહી. હોટલ માલિકે અમને સવારે ગરમ પાણીની સગવડ કરી આપી. નિત્યક્રમ પૂરો કરી સવારે ૬.૦૦ વાગ્યે ચાંગદેવ જવા નીકળ્યા. અકોલા, જલગાંવ વગેરે સ્થળે જવા માટે મળતાં વાહનોનું સ્ટેન્ડ નજીક હતું. અમે મીની બસના માલિકને ચાંગદેવ જવા માટે પૂછ્યું તો કહે રૂા. ૩૦૦૦ જેવું થશે (તે સમયમાં) કદાચ અમને અજાણ્યા જાણી આવો ભાવ કહ્યો હોય. અમે આગળ ચાલી બીજાને પૂછવા જતા હતા ત્યાં શેતકરી/ખેડૂત જેવી દેખાતી વ્યક્તિ સફેદ ટોપી, સફેદ કુર્તું અને સફેદ લેંઘો, ખભે લાલ ગમછો ધારણ કરેલ, તેણે અમને મરાઠીમાં પૂછ્યું ક્યાં જવું છે (મુંબઈમાં અભ્યાસ ને નોકરીમાં યુવાની વિતાવેલહોઈ, મરાઠીબોલતાં- સમજતાંઆવડતું) કહ્યું, 'ચાંગદેવ' તેણે કહ્યું મુક્તાઈનગરથી ચાંગદેવ નજીક પડશે, જેની ટિકિટ રૂા. ૧૨/- થશે. અમે હા કહી તેણે એક મીની બસ રોકી અને અમારી સાથે જ

બસમાં બેઠી. મુક્તાઈનગર આવ્યું અમે ઊતરીએ તે પહેલાં પેલી વ્યક્તિ ઊતરી ગઈ. અમે ઊતરી ચાંગદેવ જ્વા વાહન માટે પૃચ્છા કરી. એક રિક્ષાવાળાએ રૂા. ૩૦૦/- ક્હ્યા ત્યાં જ પેલી વ્યક્તિ રીક્ષા લઈ આવી, ક્હે મારો જાણીતો છે. રૂા. ૭૫/- આપજો. અમે રિક્ષાવાળાને ક્હ્યું, અમારે બે ક્લાક જેવો સમય થશે પૂજા વગેરે કરતાં, તો ક્હે વાંધો નહીં. અમારે શનિદેવ માટે તેલ લેવાનું હતું. તેણે ક્હ્યું ચાલો દુકાનદાર મારો પરિચિત છે. દુકાનદારે ભાવતાલ કરી તેલ આપ્યું. પેલી વ્યક્તિનો આભાર માનવા અમે રિક્ષાવાળાને પૂછ્યું કે પેલા તમારા મિત્ર ક્યાં ગયા? અમારે તેનો આભાર માનવાનો છે. રિક્ષાવાળાએ જ્વાબ આપ્યો હું તેને ઓળખતો નથી અને તે મારો મિત્ર પણ નથી. અમે દુકાનદારને પૂછ્યું તો તેણે પણ પેલી વ્યક્તિને ન ઓળખતા હોવાની વાત કરી આમતેવ્યક્તિ અમનેસુવિધાઆપી જ્તીરહી, આ અનુભવે અમને પરમ શક્તિના સાથનો અહેસાસ કરાવ્યો, અમારી રિક્ષા પહાડો અને કેળાંની વાડી વચ્ચેથી પસાર થવા લાગી, રસ્તો સૂમસામ અને સાંકડો હતો. ખાસ અવરજ્વર ન હતી. થોડે દૂર પ્રાતઃ આરતીનો ઘંટારવ સંભળાયો. રિક્ષાવાળાએ ક્હ્યું આ શ્રી મુક્તાઈ મંદિરમાં આરતી થાય છે. યાત્રાળુ ચાંગદેવ જ્તાં પહેલાં અહીં શ્રી મુક્તાઈનાંદર્શન કરેછે. તમેજાવ દર્શનક્રો, હું પછી દર્શન કરવા જ્ઈશ. અમારાં મનમાં મૂંઝવણ થઈ કે ભરોસો કરવો કે નહીં? રિક્ષાવાળો અમારી મૂંઝવણ સમજી ગયો. અમે મંદિરમાં દર્શન ર્ક્યાં, પૂજારીએ સીધો જ પ્રશ્ન ર્ક્યો - ક્યાં ચાંગદેવ જ્વું છે? આ પ્રશ્ને અમારી શ્રદ્ધા વધુ મજ્બૂત બની. અમે ચાંગદેવ પહોંચ્યા, રિક્ષાવાળાએ ક્હ્યું તમે પૂજા વગેરે ક્રો હું અહીં જ છું. અમે તાપીમાં સ્નાન ર્ક્યું. મંદિરમાં આવ્યા ત્યારે રિક્ષાવાળાને ન જોયો - પૂજા વગેરે પૂર્ણ કરી અને પરત જ્વા ઊપડ્યા ત્યારે પૂછ્યું કે તમે બહાર ગયા હતા? તો ક્હે ના, હું અહીં રિક્ષામાં જ આરામ કરતો હતો. રસ્તામાં ક્હે શેગાંવ જ્ઈ આવો, નજીક છે. માઘી પૂનમ હોવાથી અમે પણ શેગાંવ જ્વાનું નક્કી ર્ક્યું. શ્રી સાંઈબાબાનું શિરડી, શ્રીસ્વામી સમર્થનું અક્કલકોટ તેવું જ શ્રી ગજાનનબાબાનું શેગાંવ અમે શ્રી ગજાનનબાબાનાં દર્શન ર્ક્યાં. પ્રસાદ લઈ પરત ફરતા હતા ત્યારે મારાં પગરખાં કોઈ લઈ ગયું આજુબાજુ તપાસ કરી. છેવટે પનોતી ગઈ એમ મન મનાવી ભુસાવળ માટે બસ પકડી. આકોલા થોડી વાર જ બસ ઊભી રહે છે એટલે પગરખાં લેવાનું ન બન્યું બીજા દિવસે શનિવાર હતો. પનોતી ન લેવાય, સવારે વહેલાં ગાડી હતી તેથી પગમાં ક્શું જ પહેર્યા વગર જ અમદાવાદ તરફ પ્રયાણ ર્ક્યું. રસ્તામાં ખુલ્લે પગે મુસાફરી કરી, પણ કોઈ તક્લીફ ન પડી.

આ યાત્રા દરમિયાન એક અજાણી વ્યક્તિ દ્વારા જે સહાય મળી તેને ચમત્કાર, પરચા, સાક્ષાત્કાર કે કોઈ ઈશ્વરીય સંકેત ગણાય. એક શબ્દમાં મુલવીએ તો તેને પરમનો સથવારો જ ક્હી શકાય. પ્રવાસ પૂરો થયો છ્તાં એક જ્ટિલ પ્રશ્ન કોણ હતી તે વ્યક્તિ જેણે રાત્રે અમને હોટેલ સુધી પહોંચાડ્યા? કોણ હતી તે વ્યક્તિ જેણે મુક્તાઈનગર સુધી સાથ આપી વાહન તથા અન્ય સગવડો પૂરી પાડી. કોણ હતો એ રિક્ષાવાળો જે થોડા સમય માટે ઓઝલ થઇ ગયો. શા માટે તેણે અમને શ્રી ગજાનનબાબાનાં દર્શને શેગાંવ જ્વાનું સૂચન ર્ક્યું? કોણ હતી તે શક્તિ જેણે ખુલ્લે પગે શેગાંવથી અમદાવાદ સુધીની યાત્રામાં પગને સુરક્ષાક્વચ આપ્યું? એક જ આસ્થા અને શ્રદ્ધાથી ક્હી શકાય કે તે કોઈ અજ્ન્મા પરાંમ્બિકા મા શક્તિ ઐશ્વરીય સંકેતે સાથે આપ્યો પરમનો સથવારો.

આજ્ના જ્માનામાં બદલાયેલ માનસ પ્રકૃતિ ને આ સાચું ન જ લાગે, પરંતુ અમને જે યાત્રામાં અનુભવ થયો તે અવિસ્મરણીય છે અને પરમતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનું પરિણામ જ છે.

**ઉમેશઅંતાણી**



## ગીત

અલખ તણે અણસારે
મેં નાવ મૂકી મઝધારે

હવે પવનનો સાથ મેં છોડ્યો સઢને સલામ કીધા
સૌના તારણહારાને મેં હાથ હલેસાં દીધાં

સૂર મળ્યો સૂનકારે
અલખ તણે અણસારે

કોણ ખોબલે રેત ભરે જો હીરા મોતી મળતા
હાથ જોડતાં મળે મંઝિલો પ્હાડ બધા ઓગળતા

જ્યોત જલી અંધારે
અલખ તણે અણસારે

સંદીપ ભાટિયા

**BOOK POST     DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org